

# અધ્યાત્મ

વર્ષ : ૭ અંક : ૯ જુન : ૧૯૮૬

## * જાહેર વિનંતિ *

સાધક ભાઈ–બહેનોને થયેલા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તથા મા સર્વેશ્વરીના કૃપા પ્રસંગોનો શ્રદ્ધાભક્તિના ભાથા સ્વરૂપ એક સર્વોપયોગી સંચયગ્રંથ પ્રકાશિત કરવાનું આપણે વિચારી રહ્યા છીએ. તેથી સત્યને વફાદાર રહી પોતાને થયેલા અનુભવને પોતાની ભાષામાં કાગળની એક જ બાજુ પર, સુંદર અક્ષરે તા. ૩૧મી જુલાઈ ૧૯૮૬ સુધીમાં, નીચેના સરનામે મોકલવા સર્વને વિનંતિ કરવામાં આવે છે.

તે ઉપરાંત, જેમની પાસે પૂ. શ્રી યોગેશ્વરજીના પત્રો હોય, તેની સુંદર ઝેરોક્ષ નકલો પણ મોકલાવવા વિનંતી છે.

ઈશ્વરભાઈ પ્ર. પટેલ

મુ. પો. કપુરા. તા. વ્યારા, ૩૯૪૬૫૫. જિ. સુરત

## * પરદેશના નવા આજીવન સભ્યો *

કલ્પના પણ ના આવે એવી રીતે અધ્યાત્મના ભારતના જ નહિ, પરંતુ પરદેશના આજીવન સભ્યોમાંય વધારો થતો રહે છે.

નવા નોંધાયેલ આજીવન સભ્યોને અભિનંદન. તેઓનાં નામ આ પ્રમાણે છે.

રૂ.

૧૫૦૧ FLM–93 SANJAY BHAKTA, LAGOS, NIGERIA.

૧૫૦૧ FLM–94 SHASHIKANT R. PATEL, U.S.A.

૧૫૦૧ FLM–95 HITENDRA D. BHAKTA, U.S.A.

૧૫૦૧ FLM–96 UTTAMBHAI R. BHAKTA, U.S.A.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૭ અંક : ૯ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૧૫–૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| ઇશાવાસ્ય ઉપનિષદનો કર્મયોગ | યોગેશ્વરજી | ૩ |
| વિશ્વાસ કરો | નિરંજન પંડ્યા | ૭ |
| પૂ. માનો એકાંતવાસ ને મૌન | નારાયણ હ. જાની | ૮ |
| દિવો બહાર નહીં, અંદર પ્રગટાવો | ધૂની માંડલિયા | ૧૨ |
| હાથ તેરે જીવનકી બાજી | પૂર્વી સુ. નગરશેઠ | ૧૬ |
| ચિંતન કરી લે ત્યારે | મા સર્વેશ્વરી | ૧૭ |
| એક અનુભવ | કેતન ઠાકર | ૨૦ |
| મન ! અવ...... | ડૉ. રણજીત પટેલ | ૨૪ |
| વિવેક અને વૈરાગ્ય | મમતા પી. ભાટીયા | ૨૫ |
| સૃષ્ટિક્રમ અને જીવનમુક્ત | કમલ સુથાર | ૩૨ |
| સુભાષબાબુના ઘરે | શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી | ૩૫ |
| ઈશ્વર-દર્શન | ઈશ્વરભાઇ શાહ | ૪૧ |
| વારો આવ્યો છે હવે અમારો | જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી | ૪૯ |
| જીવતરની જીજીવિષા | અરવિંદકુમાર રાણા | ૫૨ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ જુન-૧૯૮૬ અંક : ૯


## ઇશાવાસ્ય ઉપનિષદનો કર્મયોગ

કર્મયોગનો મર્મ સમજતાં પહેલાં કર્મ અને યોગ બન્ને શબ્દોના ભાવાર્થને આપણે સારી પેઠે સમજી લેવો પડશે. કર્મ એટલે ક્રિયા અને યોગ એટલે જોડાણ. જોડાણ કોની સાથે ? જીવનું શિવની સાથે. પ્રત્યેક જીવ સચ્ચિદાનંદ સ્વરૂપ હોઇને અલૌકિક છે. એને પોતાના એ સચ્ચિદાનંદ સ્વરૂપનો અથવા શિવ સાથેના અનાદ્યનંત સંબંધનો સાક્ષાત્કાર થાય એટલે શિવ સ્વરૂપ પરમાત્માથી થયેલો એનો વિયોગ દૂર થાય અને યોગની સિદ્ધિ થાય. એવા યોગની સિદ્ધિને પરિણામે એ યોગ સહજ બને. આટલું સમજાય તો કર્મયોગના રહસ્યને સમજતાં વાર નહીં લાગે. જે કર્મની સાધનાથી પરમાત્માનો એવો યોગ મેળાપ સાક્ષાત્કાર અથવા અપરોક્ષાનુભવ શકય બને એ કર્મ સાધનાને કર્મયોગ કહેવાય. એવું કર્મ કેવળ કર્મ અને સાધારણ કર્મ મટીને જીવનનું શ્રેય સાધનાર કર્મયોગ બની જાય છે.

કર્મયોગના એટલા શાબ્દિક સ્પષ્ટીકરણ પછી હવે ઈશાવાસ્યોપનિષદમાં કઇ જાતના કર્મયોગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનો ઉડતો વિચાર કરી લઇએ.

ઈશાવાસ્ય ઉપનિષદના ઉપદેશક ઋષિ કર્મયોગની સાધનામાટે અને એવી સાધનાદ્વારા પ્રાપ્ત થતા જીવનના શ્રેય કે સાફલ્યને માટે લૌકિક કર્મ કે વ્યવહારિક વ્યવસાયોનો ત્યાગ કરવાનો ઉપદેશ નથી આપતા. જીવનના જટિલ સંગ્રામથી પીઠ ફેરવીને, હતાશ કે હતપ્રભ બનીને, ઘા સહન ના કરી શકવાથી ક્ષેત્રસંન્યાસ લેવાની કે નાસી જવાની વૃત્તિ ને પ્રવૃત્તિ એમને પસંદ નથી પડતી. કર્મને એ મહત્ત્વનું માને છે. જીવનના જટિલ પ્રશ્નોથી ગભરાયા કે ડર્યા વિના એમનો સામનો કરવામાં અને એમને ઉકેલવામાં એમને રસ છે. જીવનનું મહત્ત્વ એ જાણતા હોવાથી જીવનને લાંબા વખત લગી ટકાવી રાખવામાં અથવા દીર્ઘાયુ બનાવવામાં એમનો આનંદ છે. વેદમાં જેમ शतं जीवेम शरदः । शतं प्रब्रवाम शरदः । शतं श्रृणुयाम शरदः । शतमदीनाः स्याम शरदः । शतं भूयश्च शरदः शतात् । એટલે કે અમે સો વરસ જીવીએ, સો વર્ષ લગી બોલીએ, સો વરસ લગી સાંભળીએ, સો વર્ષ સમૃદ્ધિશાળી, સુખી ને સ્વાશ્રયી બનીએ. ને એવી રીતે સો વરસનું સુખી જીવન મેળવીએ એવી ભાવના કરવામાં આવી છે. તેમ ઇશાવાસ્ય ઉપનિષદ્‌ના ઋષિ जिजिविषेतं शत् समाः કહીને સો વરસ સુધી જીવવાની અભિલાષાની અભિવ્યક્તિ કરે છે. દીર્ઘાયુ થવાની આકાંક્ષા જીવન પ્રત્યેના પ્રેમ રસ અને આકર્ષણની સૂચક છે. અને અણગમા, કંટાળા બોજા કે ધિક્કારનો પડઘો તો નથી જ પાડતી, તે સહેલાઇથી સમજી શકાય તેમ છે.

પરંતુ ગમે તેટલું લાંબું જીવન પણ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિથી રહિત હોય તથા પ્રમાદથી ભરપૂર હોય તો એમાં શો આનંદ રહે ? જીવન જો વિકાસ માટેનું એક અમુલખ અકસીર સાધન હોય અને એમાં ઉત્તરોત્તર વિકાસ માટે અવકાશ હોય અથવા એનું જો કોઇ ધ્યેય હોય, તો એ ધ્યેયની પ્રાપ્તિ લગી એનો



અંત ના આવી શકે એટલું જ નહીં પરંતુ એ ધ્યેયની સિદ્ધિ માટેની સમજપૂર્વકનો પુરુષાર્થ પણ કરવો પડે. જે જીવન ધ્યેય રહિત અને આત્મવિકાસની આકાંક્ષાથી વંચિત હોય તેને જીવન ના કહી શકાય. તેવા જીવનમાં જીવનનું ખોખું રહે પણ સત્ત્વ ના રહે. માટે જ ઋષિ કહે છે કે વિકાસને માટેનાં વિવેક પૂર્વકના યોગ્ય કાર્યો કરતાં કરતાં આ પૃથ્વી પર દીર્ઘાયુ બનવાની અથવા સો વરસ જીવવાની ઈચ્છા સેવવી જોઈએ. અને માણસે એટલું અવશ્ય યાદ રાખવું જોઇએ કે જગતના વિવિધ રૂપરંગો, વિષયો, વ્યવસાયો ને પ્રલોભનો એની સદ્‌બુદ્ધિની જ્યોતને બૂઝાવે નહીં. એ કર્મ કરતાં અનાસક્ત રહી શકે એવી જરૂરી શક્તિ એણે મેળવી લેવાની છે. એ સંદેશને વર્ણવતાં ઋષિ કહે છે.

कुर्वंळावहु कर्माणि जिजिविषेत्ं शतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति, न कर्मं लिप्यते नरे ॥

એટલે ઈશાવાસ્ય ઉપનિષદનો કર્મયોગ આંખ મીચીને ને ફાવે તેમ કરવાની કોઇ પ્રવૃત્તિ નથી. પરંતુ જાગૃતિ પૂર્વકના વિકાસની પ્રક્રિયા છે. એ કર્મયોગ ફક્ત પોતાને માટે જ છે એવું નથી સમજવાનું. કર્મ કે પુરુષાર્થ દ્વારા સાંપડનારાં સુખ ને પ્રાપ્ત થનાર પદાર્થોથી માણસ પોતાના જીવનને સમૃદ્ધિશાળી, સુખી ને રસમય બનાવે તેની હરકત નથી. પરંતુ એ જો એટલેથી જ અટકી જાય તો એ વસ્તુ આદરણીય, અનુકરણીય, અથવા આદર્શ નહીં માની શકાય. માણસે પ્રાપ્ત થતા ભોગો અને સુખો માલીકીપણાની ભાવનાનો, એકલપેટા વૃત્તિનો ને સ્વાર્થનો ત્યાગ કરીને ભોગવવાનાં છે. સામાન્ય ભાષામાં કહીએ તો કહી શકાય કે સારાયે સમાજનો વિચાર કરીને પોતાની સાધન સામગ્રીને શક્તિ દ્વારા બીજાને સહાય કરવાની વૃત્તિ કેળવવાની એણે ટેવ પાડવી પડશે. ખવડાવીને ખાવું, પીવડાવીને પીવું, બીજાને સુખી કરીને

સુખી થવું અને બીજાને આગળ વધારીને આગળ વધવું એમાં એણે આનંદનો અનુભવ કરવો પડશે. બીજાના હિત અને બીજાના અભ્યુત્થાનનો આદર્શ એણે નજર સામે જ નહીં પરંતુ અંતરમાં અને આચારમાં ઉતારવો રહેશે. ઇશાવાસ્ય ઉપનિષદના પ્રથમ શ્લોકમાં એનો પ્રતિધ્વનિ પાડતાં કહેવામાં આવ્યું છે કે-

> इशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत्
> तेन त्यक्तेन भुंजीथाः मा गृधः कस्यस्वीद् धनम् ॥

એમાં तेन त्यक्तेन भुंजीथाः । એટલે કે ત્યાગ ભાવથી ભોગવો એ મુદ્દો ખાસ મહત્ત્વનો **છે.**

ઇશોપનિષદનો કર્મયોગ જીવનની વિશુદ્ધિમાં માને છે તેમ ઈશ્વરના સાક્ષાત્કાર અથવા ઈશ્વર પરાયણતામાં પણ વિશ્વાસ રાખે છે. જીવનમાંથી ઈશ્વરને બાદ કરવામાં એને રસ નથી અને ગૌરવપણ નથી લાગતું. અહંકાર રહિત થઈને રાગદ્વેષથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરતાં કરતાં સંસારની વિનાશીતાનો અને પરમાત્માની સનાતનતાનો ખ્યાલ રાખીને દીર્ઘાયુ બનવાની ભાવના સાથે બીજાને ઉપયોગી થવાની વૃત્તિ સાથે કર્મ કરવાથી એવાં કર્મો યોગમય બની જાય છે. અને શાંતિ આપવાની સાથે ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવે છે. ઈશોપનિષદના કર્મયોગનો એ રહસ્ય મંત્ર છે.

**યોગેશ્વર**



# વિશ્વાસ કરો

વિશ્વાસ કરો, પૂર્ણ પુરૂષોત્તમે ન્યાય કદી મૂકયો નથી,
કરણી તેવી ભરણીનો જગજૂનો ક્રમ કદી ચૂકયો નથી.

સુખ પછી દુઃખ, દુઃખ પછી સુખ, સદા આવ્યા કરે,
'ઇશ્વરેચ્છા બળવાન' અપનાવનાર સૌ ફાવ્યા કરે.

માન, અપમાન, હર્ષશોક ને પદવી પ્રારબ્ધનો ખેલ છે,
સાનમાં સમજો, ધન વૈભવ ને ઠાકરી ડાબા હાથનો મેલ છે.

રૂપનું અભિમાન, ધનનો મદ ક્ષણ મહીં ઉતરી જશે,
સંયમ, નિરાભિમાન રાખ તું ભકિત ભાવથી ઉગરી જશે.

દયા, ધર્મને અવગણી, પ્રપંચ આદરી ધન એકઠું કર્યું,
વિશ્વબંધુત્વ વિસરી, મોહ કરી, છેવટે મન સાંકડું કર્યું.

નીતિ નિયમ, ઉંચા મૂકી, અધિકાર વિણ વગથી પદ મેળવ્યું,
ગુણ, પુરૂષાર્થ, પ્રામાણિક સજ્જનોએ વિના વાંકે ખોરવ્યું.

કોણ સાથે લઇને ગયું? ને તું સાથે શું લઇને જશે?
છોડ, હવાતીયાં, અરે ઓ મિત્ર મારા, તારું પણ તું મૂકી જશે.

—નિરંજન પંડિયા

# પૂ. માનો એકાંતવાસ ને મૌન

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૧-૫-૮૬ થી એક માસ માટે સદંતર એકાંતવાસ અને મૌન ધારણ કર્યું છે. સાધનામાં તીવ્રતા કે ઉત્કટતા લાવવા માટે આમ કરવું જરૂરી હોય છે. એના પરિણામે મનની બહિર્મુખ પ્રવૃત્તિઓ બંધ થતાં, મનને એક જ લક્ષ્ય ઉપર કેન્દ્રિત કરવાનું સુલભ બને છે. પરિણામે સાધનાત્મક ધ્યેયની સિદ્ધિની દિશામાં ગતિ ઝડપી બને છે, અને ઈશ્વરની ઇચ્છા, સાનુકૂળ હોય તો, ઘણીવાર ઇપ્સિત ધ્યેયના લક્ષ્યને વહેલા પહોંચવાનું સદ્ભાગ્ય સાધકને સાંપડે છે.

પૂ. માના મનમાં ઘણા વખતથી એ પ્રશ્ન ઉઠતો કે સેવાની પ્રવૃત્તિથી પણ અલિપ્ત બનીને, સાધનાત્મક સિદ્ધિ હાંસલ કરી લેવી. આ માટે એકાંતવાસ માટે એમનું મન ઝંખના કરતું અને કદીક પોતાની આ ભાવના તેઓ વ્યક્ત પણ કરતાં. પૂ. શ્રી ગુરુદેવનાં કાર્યો અને ધ્યેયોને આગળ ધપાવવાનું મહત્ત્વનું કાર્ય કરતાં કરતાં પણ પૂ. મા પોતાની સાધનાત્મક પ્રવૃત્તિ તો યથાર્થ રીતે ઝારી રાખતાં. છતાં તેમાં ઉત્કટતા લાવવા આવા એકાંતવાસ ને મૌનની ભાવના તેમનામાં પ્રબળ બનતી, એટલે જ તેઓએ તા-૧-૫-૮૬થી એક માસ માટેના એકાંતવાસ ને મૌનનો નિર્ણય કરી લીધો.

પૂ. માનું મૌન અને એકાંત પણ સમજવા જેવું છે. મૌન એટલે કેવળ વાણીનું જ મૌન નહિ. સંપૂર્ણ મૌન. મનનું મૌન. સંકલ્પ વિકલ્પોનું પણ મૌન. કેવળ ધ્યેય ઉપર



જ સમગ્ર સાધનાનું કેન્દ્રીકરણ.

આના આચરણ માટે કેવું ભારે મનોબળ જોઇએ ? સામાન્ય સાધકનું એમાં ગજું નહિ. પરંતુ પૂ. માનું મનોબળ તો ખૂબ અડગ હિમાલય જેવું અચળ. કોઈ પરિસ્થતિ એમને ડગાવી શકે નહિ. એવું ન હોત તો પૂ. મા આટલા બધા એકધારા ઉપવાસો જ ન કરી શક્યાં હોત.

પૂ. મા એ પોતાના ૭૭૩ દિવસના એકધારા ઉપવાસો પછી આ એક માસનું મૌન ને એકાંત ધારણ કર્યાં છે. પોતાના પૂર્વ જીવનમાં પણ પૂ. મા એ હરિ ૐ આશ્રમના મૌનમંદિરમાં પંદર કે એકવીસ દિવસની એકાંતિક સાધના ઘણીવાર કરી છે. એટલે એમને માટે આમ એકાદ માસનું મૌન અને એકાંત-સેવન નવું નથી. ફરક એટલો છે કે આ વખતે પૂ.મા નાં આ સળંગ ઉપવાસો એક ભાગરૂપ આ મૌન સાધનાનો તેઓશ્રીએ આશ્રય લીધો છે. વળી પૂ. માનું અત્યારનું દૈનિક જીવન-કેવળ સાધના લક્ષી રહ્યું છે. કારણકે નથી તેમાં ભૂખ, તરસ, થાક કે ઊંઘ. અત્યારની એમની સ્થિતિ નિદ્રાજીત મહાયોગી સમી છે.

પૂ. માના આ ઉપવાસો પ. પૂ. શ્રી ગુરુદેવની ઇચ્છા અને આજ્ઞાનુસાર ચાલી રહ્યા છે. એટલે માને નથી એનો કોઇ ભાર કે નથી કોઇ અહંભાવ. સહજ રીતે સાધનાની એમની આ સરિતા ચાલી રહી છે. કોઇપણ પ્રવૃત્તિની પાછળ જો જીવનો અહંભાવ હોય તો તેનો ભાર ને બંધન-બન્ને લાગે. સહજભાવે અનાસક્ત રીતે થતી આવી આત્મિક પ્રવૃત્તિ નિર્દોષ હોય છે. પૂ. માના જીવનમાં આનું તાદૃશ્ય દર્શન થાય છે.

આટલા લાંબા ઉપવાસો સાવ નિરર્થક તો નથી જ. જો હોય તો વ્યક્તિ તેમાં ટકી શી રીતે શકે ? એમાં થતી આત્મિક ને આધ્યાત્મિક અનુભૂતિઓ, પ્રેરણાનું પીયૂષ પૂરે છે, નવશક્તિ સર્જે છે અને ઉત્સાહ ને બળ પ્રેરે છે. પૂ. માને અત્યાર સુધીમાં સો કરતાં પણ વધુ આવા આધ્યાત્મિક અનુભવો થયા છે, જેનો કડીબદ્ધ ઇતિહાસ પૂ. શ્રીની જેમ જ પૂ. માએ પણ રાખ્યો છે. જ્યારે તે પ્રકાશિત થશે, ત્યારે સાધકો માટે એ અમૂલ્ય ભાથારૂપ બનશે અને ભારતની આધ્યાત્મિક સાધનાના ઇતિહાસનું એક તેજસ્વી પ્રકરણ બની રહેશે. પૂ. માની આ મૌન એકાંતિક સાધનામાં પણ એમને અવશ્ય અદ્ભુત અનુભવો થશે જ. એની વિગતોની જાણ તો પૂ. માના પુનઃદર્શન પછી આપણ સહુને એઓશ્રીના સ્વમુખે સાંભળવા મળશે.

અત્યારના તબક્કે તો આપણે એટલું ઇચ્છીએ કે પૂ. ગુરુદેવની પૂર્ણ કૃપા પૂ. મા ઉપર ઉતરો અને એમના જીવનનું સાધનાત્મક ધ્યેય સંપૂર્ણ પરિપૂર્ણ થાઓ. યોગેશ્વર પરિવારના સહુ સાધક ભાઇબહેનો માટે એ સુવર્ણ દિન જલદીમાં જલદી આવો–એવી હૃદયપૂર્વકની પ્રભુને પ્રાર્થના છે.

આ વખતના મૌન અને એકાંતવાસ દરમ્યાન પૂ. માએ બહારના જગત સાથેનો સંસર્ગ સદંતર કાપી નાંખ્યો છે. તેઓ કોઈ વ્યકિતને મળતાં નથી કે કોઇ પત્રને પણ અવલોકતાં નથી. સત્યપથના એ પવિત્ર આવાસમાં પોતાની સાધનાત્મક પ્રવૃત્તિમાં તેઓ ગળાડૂબ ખૂંપી ગયાં છે. અત્યાર પૂરતું બહારનું જગત જાણે કે એમને માટે કોઇ અસ્તિત્વ જ ધરાવતું નથી. ૫. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ પણ દેવપ્રયાગના તેઓના સાધનાત્મક દિવસોમાં આવી જ ધ્યેય-



નિષ્ઠા સેવેલી. પરંતુ ત્યારે તેઓને ત્યાં બહુ ઓછા લોકો ઓળખતા, જ્યારે પૂ. માને આજે અનેક લોકો ઓળખે છે, એમનાં દર્શન અને સત્સંગ માટે ઝંખે છે. આમ છતાં પૂ. મા પોતાની સાધનાત્મક સિદ્ધિ માટે મરજીવાં બની સાધનાના સાગરમાં ડૂબકી મારી ગયાં છે. સિદ્ધિનું સુંદર મોતી એમને લાધે, એવી પ્રભુને–તેમજ પૂ. ગુરુદેવને પ્રાર્થના છે. ઇચ્છીએ કે પૂ. માનો આ એકાંતિક મૌનવાસ વધુ ન લંબાય.

## ત્રિદલ

### મુક્તક

૧

'બૂરું નથી કોઇ' તણી મેં વાંસળી છેડ્યા કરી;
એવો જ રવ ચોમેર પ્રસરી મુગ્ધતા છાઈ રહ્યો.
અંધારમાં શ્રદ્ધા તણો દીવો સળગતો રાખતાં,
આત્મા તણો દીવો પછી અંધાર ને ઠેલી રહ્યો.

૨

આ હિમાલય સ્નેહભીનું કાવ્ય છે,
ટેક છે, અદ્વૈત છે ને સત્ય છે,
આ હિમાલય ખૂબ જૂની વારતા,
આ હિમાલય અલખનું છે આંગણું.

૩

દુઃખનો આગાર હો પણ અશ્રુ આંખે ના તરે–
એવડી તાકાત આપી રક્ષ જે આ જિંદગી.

રતિભાઈ સથવારા

# દીવો બહાર નહીં, અંદર પ્રગટાવો

—ધૂની માંડલિયા

ભારતીય સંસ્કૃતિનો મૂળાધાર અધ્યાત્મ સાધનાનો છે. આત્મ જાગરણનો છે. ભીતરની જ્યોતને સતત દેદિપ્યમાન રાખવાનો છે. આત્મ જ્યોતિનો સાક્ષાત્કાર થઇ જાય પછી પરમાત્માથી છેટું રહેવાતું નથી. જે ભૂમિમાં આપણે જન્મ્યા છીએ એ દેશ-ભારત ઋષિ, સંતોનો દેશ છે. 'ભારત' શબ્દને બારીકાઇથી સમજવા જેવો છે. ભારતમાંના 'ભા' શબ્દનો અર્થ છે પ્રભા અર્થાત્ જ્યોતિ. અને 'રત' શબ્દનો અર્થ છે તેમાં રત થઇ જવું, રમમાણ કરવું. જ્યોતિમાં તલ્લીન, તદાકાર થઈ જવું તેનું નામ ભારત. ભીતરની જ્યોતિને જે એક વાર જાણી લે છે, જોઈ લે છે, એને પછી બહારની દુનિયાના ઝળાંહળાં આંજી શકતા નથી. માણસનો જ્યાં સુધી 'હું' અહંકાર ઓગળતો નથી ત્યાં સુધી ભીતરની જ્યોત પ્રકાશિત થઈ શકતી નથી. સ્વયંને સમર્પિત કર્યા વગર આત્મ સાક્ષાત્કાર શક્ય નથી.

સાંપ્રદાયિકતાની પણ એક મર્યાદા હોય છે. એ જડ ક્રિયાકાંડને જ ધર્મ માનવા-મનાવવા પ્રેરે છે. રોજ લલાટે તિલક કરવું, પૂજા પાઠ કરવાં, દસ-વીસ વાર માળાઓના મણકાઓને ગોળ ગોળ ફેરવી નાખવાં, યંત્રવત્ કથા શ્રવણ કરવું, ધૂપ-દીવા કરવા, મંદિરે જઈ ઘંટનાદ કરી પ્રાર્થના કે ભજનોને લલકારવા વગેરેને ધર્મ કે અધ્યાત્મના નામે ચડાવી દેવામાં આજના શ્રધ્ધાળુને વધુ સરળતા જણાય છે. અધ્યાત્મ એ સરળતાનો માર્ગ નથી, શુરાનો માર્ગ છે. ભેદ-થી અભેદ તરફ જવાની યાત્રા જ વાસ્તવમાં અધ્યાત્મની યાત્રા છે.



મોટા ભાગના દુઃખો સ્વ નિર્મિત હોય છે. વ્યકિતની ભ્રાંત દશા જ આ માટે જવાબદાર છે. સ્વને ભૂલી પરમાં રમમાણ કરવાની સહેલી ચેષ્ટાને કારણે જ દુઃખો જન્મે છે અને પછી એ દુઃખો જ આપણો આધાર હોય એમ એને વળગીને માણસ ભવસાગર તરવા નીકળી પડે છે. જે ડૂબાડનાર જ છે એને જ તારણહાર માની આગળ વધવું એ વ્યકિતની પહેલી ભ્રાંતિ છે. સંસારના અપાર ઐશ્વર્ય, શાનો શકિત અને ભૌતિક સુખ મેળવવા માટે વ્યકિત એટલી અધીરી બને છે કે એના હાથમાં રહેલો આત્મ પારસ એ કયાંક સેરવી દે છે, ખોઈ નાખે છે. પછી શરૂ થાય છે નિરર્થક રઝળપાટ ભીતર-ના દીવાની ફરતે અંધકારનું એક જાડુ કવચ ગોઠવાઈ જાય છે. સમયાંતરે વ્યકિત એ પણ ભૂલી જાય છે કે ભીતરમાં એક જ્યોતિ જલી રહી છે. સર્વત્ર અંધકાર જ અંધકાર એને દેખાય છે. અને તેમાં જ સુખનો સ્વાદ મળતો થઇ જાય છે.

'આત્મા એજ પરમાત્મા છે' એ કથન હજારો સાલથી હજારો વાર સાંભળી ચૂકયા હોવા છતાં વ્યક્તિને ના તો શ્રદ્ધા બેસે છે ના તો પ્રતીતિ થાય છે. વ્યકિતનું અસલી સ્વરૂપ ચૈતન્યતા છે, જડતા કે અંધકાર નહીં. પરમાત્મા અને આત્મા વચ્ચે કોઇ અંતર નથી. દરેક આત્મા સાચા અર્થમાં પરમાત્મા છે. પરંતુ ભીતરની પરમ આત્મ જ્યોતિ બૂઝાઇને પડી છે જે જીવ ઊંઘે છે એ સર્વ સંસારી, જેની ભીતર જાગરણની જ્યોત ઝીલમીલ થઇ ઊઠી છે એ સંન્યાસી.

એક કથા છે. એક ડાકુ હતો. જંગલમાંથી પસાર થતાં વટેમાર્ગુઓ પાસેથી જે કંઇ હોય તે લૂંટી લઇ ડાકુ તેને મારી નાખતો એના હાથ નિર્દોષ રાહદારીઓના રકતથી

ખરડાયેલા હતાં. આ ડાકુને એક બૂરી આદત એ હતી કે તે વટેમાર્ગુઓને પહેલાં ઝડપતો અને પછી તરતજ તેની કત્લ કરી નાખતો. પડેલી લાશને પછી તે ફંફોસતો મરનારની પાસેના થેલા–થેલીને પછી તે તપાસતો આ તપાસમાં જો કંઈ મળે તો ઠીક નહીં તો લાશને પાટુ મારી નવા શિકારની ખોજમાં નવા સ્થળે લપાઈને ઊભો રહેતો. આવો ક્રૂર આ રાક્ષસ વાસ્તવમાં દાનવ જ હતો. નારદજીએ પોતાના જ્ઞાનમાં જોયું કે ક્રૂર આચરણ કરતો આ જંગલવાસી લૂંટારો ખરેખર તો દેવશ્રેણીનો જીવ છે. મોહ, અને અજ્ઞાનને કારણે તે પોતાના મૂળભૂત સ્વરૂપને ભૂલી રાક્ષસી વ્યવહારમાં પડેલ છે. નારદજી પોતે સ્વરૂપ બદલી એ રાક્ષસની સામે જંગલમાં જાય છે. ડાકુને મળે છે. નારદજી ધર્મના પાયાની વાત સમજાવે છે અને ડાકુની ભીતરમાં સુષુપ્ત રહેલી જ્યોતિ ધીમેધીમે પ્રકાશવા માંડે છે અને જોત જોતામાં તો ભીતરી પ્રદેશ પ્રકાશથી ઝળહળી ઊઠે છે. અજ્ઞાન હટતું જાય છે, જ્ઞાન પ્રકાશતું જાય છે. વાલિયા લૂંટારુમાંથી મહાકવિ–ઋષિ વાલ્મિકીનું અવતરણ થતું જાય છે. અંદર એક જબરજસ્ત તોફાન જાગે છે. એ તોફાન આત્મજાગરણનું તોફાન હતું, અંદર આમૂલ પરિવર્તન થઈ રહ્યું હતું. આ પરિવર્તન એટલે જ પરમાત્માની દિશા તરફનું પ્રયાણ વ્યક્તિ બહારનો વ્યવહાર ગમે તેટલી સૌજન્યપૂર્ણ કરે પણ એ આખરે તો લોકૈષણા સહિતનો હોય છે. સાચું પરિવર્તન, સાચો આચાર ભાવ આચારનો એટલે કે ભીતરનો છે. આ આચારનો જાણકાર વ્યક્તિ પોતે જ એકમાત્ર હોય છે. જેની ભીતર જો જ્યોતિ એક વાર પ્રગટી ગઈ તો બહારનું અંધારું એને માટે તણખલા જેવું છે. બહારનો વ્યવહાર એને માટે સાક્ષીભાવ પૂરતો જ રહેતો હોય છે. પછી જાતિ, વેશ, ખાનપાન બધું એને માટે જળ-



કમળવત્ જેવું હોય છે.

પરમાત્મા ક્યાંય બહાર નથી. ભીતરમાં જ છે. સાધક કે ભક્તને દઢપણે પ્રતીતિ થવી જોઈએ કે એ માત્ર ભક્ત નથી, ધારે તો ભગવાન્ પણ છે. ભગવાન્‌ની ખોજ એ મૂળતઃ સ્વની ખોજ છે. આ ખોજ ગિરિકંદરા, ગુફાઓ, પર્વતોની ઊંચી ટોચો, નદીના ગર્ભદ્વારો વગેરે જગ્યાઓમાં રખડવાથી જ પ્રાપ્ત થાય એવું માનવું એ એક મોટી ભ્રાંતિ છે. પરમાત્મા તમે જ્યાં બેઠા છો ત્યાંથી જ કોઈ પણ પળે પ્રાપ્ત થઈ શકે છે, એ માટે કાશી કે કાબા દરદર ભટકવાની જરૂર નથી, જરૂર છે માત્ર સ્વયંના જાગરણની. જે એક વાર જાગી જાય છે એને ભાગવાની પછી જરૂરત રહેતી નથી. જે ભાગે છે એને સતત ભોગ મળ્યા કરશે, જે જાગે છે એને જ્યોત મળે છે. ભીતરની જ્યોતનો ઝગઝગાટ એટલે જ પ્રભુદર્શન, આત્મ સાક્ષાત્કાર.

આ ક્ષણભંગુર, અનિત્ય, અસાર ને અપવિત્ર દેહવડે જો મોક્ષની પ્રાપ્તિ કરી શકાય તોજ તે ધર્યાનું સાર્થક છે, નહિ તો માતાનું યૌવન નાશ કરવાના કારણરૂપ તથા સૃષ્ટિના ભારરૂપ દેહથી કાંઈ સાર્થક નથીજ.

શ્રીનાથવચનામૃત

## હાથ તેરે જીવનકી બાજી

આયેગા જબ રે બુલાવા હરિકા
છોડ કે સબ કુછ જાના પડેગા (૨)
નામ હરિકા સાથ આયેગા
ઔર કુછ ના લે પાયેગા (૨) આયેગા

રાગદ્વેષ મેં હરિ બીસરાયો
ભૂલ કી નિજ કો જનમ ગવાયો (૨) આયેગા

સુમીરન હરિ કી સાચી કમાઇ
જૂઠી જગ કી સબ હૈ સગાઇ (૨) આયેગા

અરજી કર તું હરિ સે ઐસી
ભકિત મિલે મીરાં કે જૈસી (૨) આયેગા

હાથ તેરે જીવન કી બાજી
ભકિત સે કર તું હરિ કો રાજી (૨) આયેગા

પૂર્વી યુ. નગરશેઠ
(ઉંમર વર્ષ ૧૩)



# ચિંતન કરી લે પ્યારે

—મા સર્વેશ્વરી

મહાત્માજીનું એક સુંદર સ્મારક બને જેનો આકાર છત્રી જેવો હોય એમાં મહાત્માજીની એક ઊભી પ્રતિમા અને જીવનનો પરિચય. દેવપ્રયાગ કે અંબાજીમાં આરસ પહાણનું એ સ્મારક થાય તો એ અંગેની આર્થિક સહાય લાવવાની જવાબદારી મારી.

ગઇ ગુરુપૂનમે શ્રી અંબાજીના પંચાલભવનમાં સૌની સમક્ષ પોતાની કાલ્પનિક યોજનાની વાત એ ભદ્રપુરુષે જાહેર કરી ત્યારે સૌને આનંદ થયો.

૧૯૮૦ની વિદેશયાત્રામાં અમેરિકામાં અમારી સાથે જ તેઓ રહ્યા. પૂ. શ્રીએ તેમને પરમાર્થી નામ આપેલું. અને ૧૯૮૩ની ગંગોત્રીયાત્રામાં પણ એ ભદ્રપુરુષ જોડાયા. ત્યારે પૂ. શ્રી જેમને જ્ઞાની પુરુષ તરીકે ઓળખાવતા તે ઇશ્વરભાઇની એ જાહેરાત હતી. આપણે પણ હવે એમને પરમાર્થીના નામે જ ઓળખીશું.

શ્રી પરમાર્થી દેશ કે વિદેશમાં વિચરે પણ સતત અધ્યાત્મની ચિંતા જેથી ૧૯૮૦માં વિદેશના ૧૦ આજીવન સભ્યો એમણે બે ત્રણ દિવસમાં જ કરી દીધા. ૧૯૮૪ માં એમની બીજી વિદેશયાત્રા થઇ ત્યારે પણ અધ્યાત્મ માટે તેઓ ૪૧ ભારતના આજીવન સભ્યો લાવ્યા.

આ સમયની યાત્રા દરમ્યાન પણ તેવો અમેરિકા પહોંચ્યા ને તરત પ્રકાશનાપંથેના પ્રકરણોનું સંક્ષિપ્ત કાર્ય અધ્યાત્મ માટે ૩૦૦ પાનાનું લખાણ તૈયાર કરી દીધું, વળી યાત્રાના સાત લેખો, કાવ્યો લખાયા પછી જ એમણે ભકત-

સમાજમાં જરૂરી વિચરણ શરૂ કર્યું.

૧૯૭૮માં ભયંકર માંદગીમાંથી પૂ. શ્રીના દૈવી અનુભવને લીધે જ બચી ગયેલા જેથી જે જીવન મળ્યું તે પૂ. શ્રીએ જ આપ્યું છે એવું માનનાર આ પરમાર્થી ગુરુના ઋણને વાળવા સ્મારકની યોજના કલ્પના સાથે ફરવા લાગ્યા.

પરન્તુ એ સ્મારકની યોજના કોને ક્યાં કહેવી, કોણ મદદ કરશે અનેક મુંઝવણ થવા લાગી. એક ક્ષણે તો તેઓ ખૂબ અકળાઈ ઉઠ્યા. એ અકળામણ એમણે ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને થોડી પંક્તિ દ્વારા ઠપકાના ભાવ સાથે રજૂ કરી.

આ રહી તે પંક્તિઓ—

"ભરી દો ઝોળી આ મારી !"

લગાવી દો પ્રભુ એકાદ બાજી જીતની મારી,
સદા ઝંખી રહ્યો ચાતક કૃપાનો થૈ હું જુગારી !
હજી તો શેષ છે જીવન ઘણું બાકી તમે દીધું,
કરું કાર્યો પ્રચારક થઈ ધરી શું રૂપ ભિખારી ?
ગૃહસ્થી છું, મને પણ છે અહો ખ્વાહીશ થોડી યે,
પ્રતિષ્ઠા છે તમારી તો મદદ માગું સદા પ્યારી ?
તમે જ્યાં જ્યાં તપ્યા ત્યાં ત્યાં નિશાની કાંઈ નથી જેથી,
કહો કેવી રીતે સમજી શકે આ દુનિયા સારી !
અશોકે સ્તંભની રચના કરી'તી તેથી આજે યે,
કરે છે યાદ જગત આખું, પીવે છે પ્રેરણાવારિ !
તમન્નાઓ ભરી દિલમાં ઘણી મેં સર્જવા સર્જન,
કમી સમૃદ્ધિની પૂરવા ભરી દો ઝોળી આ મારી !

—શ્રીઈશ્વરભાઈ પરમાર્થી

પોતાની પ્રતિષ્ઠા તો પ્રભુને પણ પ્યારી હોય છે એ જ રીતે શરણલેનાર સાધકને પણ સમર્થ સંતો નિરાશામાં ડૂબી



જતા પહેલાં સંભાળી લે છે.

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા મહાપુરુષના શ્રીચરણમાં થયેલી એ પ્રાર્થના શું વ્યર્થ ગઈ ! ના. એ મહાપુરુષે ક્ષણિક ચિંતા વચ્ચે મંગલ માર્ગ ધરી દીધો.

બીજા જ દિવસથી વણમાંગ્યે ઘણી મોટી સહાય મળવા લાગી.

જાણે કે પૂ. શ્રી યોગેશ્વરજી કહી રહ્યા ના હોય કે હે પરમાર્થી તારે અમારું સ્થૂળ દૈવી સ્મારક કરવું છે, મુંઝાઇશ નહીં. એ પણ એક સત્કર્મ જ છે ને લે આ લક્ષ્મીજી તારી સેવામાં મોકલું છું.

નરસિંહ મહેતાએ પણ ગાયું છે. તેમાં પ્રભુ કહે છે :

લક્ષ્મીજી અર્ધાંગના મારી પણ મારા સંતની દાસી રે–

અને પરમાર્થીનું હૈયું આનંદી ઉઠ્યું.

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંતોના સ્મારકની ચિંતા આપણે શા માટે કરવી પડે તે સમર્થ સંત પોતે જ એની ચિંતા કરશે, આપણે તો એ સંતનું અનન્ય ભક્તિભાવે ચિંતન કરીશું તો આપણું બધુ જ કાર્ય તે સંભાળી લે છે. સંભાળી લેશે જ.

ચિંતા એના ચરણે સોંપી
ચિંતન કરી લે પ્યારે
સઘળી બાજી એ સંભાળે
અનુભવ સુણીલે ધ્યાને
જય જય જય ગુરુદેવની શક્તિ
વંદુ પુનિત પ્રભાતે

# એક અનુભવ

—કેતન ઠાકર

જેમ ભગવાન કૃષ્ણએ પોતાની આંગળી પર ગોવર્ધન પર્વત ઉપાડી ભક્તોની પ્રચંડ વર્ષાના તોફાનથી રક્ષા કરી હતી તે જ પ્રમાણે પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમના દરેક ભકતોની રક્ષા કરે છે.

તારીખ ૧૯/૧૨/૮૬ ના રોજ મારા નવા કોન્ટેકલેન્સ આવ્યાં. મારા હાથમાં આવતાં જ તેને લઈ હું સત્યપથમાં પૂ.મા પાસે ગયો અને ત્યાં મે લેન્સને પૂજ્યશ્રી પાસે મૂકયા. માને અચાનક જ ભાવ થતાં લેન્સ લઈ પૂજ્યશ્રીની તસ્વીરમાં પૂ. શ્રીના ચરણને સ્પર્શ કરાવી એવી ભાવના સાથે મને આપ્યાં કે "હે પ્રભુ ! આ બાળકની આંખની રક્ષા કરજો" ત્યારબાદ હું ઘરે ગયો.

રાત્રે દસ વાગે મે પ્રથમ જ વાર લેન્સ પહેર્યાં. લગભગ પોણા કલાક બાદ તેને હું પાછા કાઢતો હતો ત્યારે મારી જમણી આંખનો લેન્સ નીચે કયાંક પડી ગયો. લગભગ કલાક સુધી શોધવા છતાં પણ લેન્સ મલ્યો નહિ. મને ખૂબજ રડવુ આવ્યું. કારણકે લેન્સ લાવ્યો અને તે જ દિવસે લેન્સ ખોવાઈ ગયો. ૪૦૦-૦૦ રૂા. ના લેન્સ હજી તો પપ્પાએ જોયા પણ ન હતા. મને થયું કે જો હું પપ્પાને કહીશ કે લેન્સ ખોવાઇ ગયો તો તો ન જાણે એ મને શું કહેશે ? પોણા કલાક સુધી સૌએ શોધ કરી.

આખરે હું રાતે બાર વાગે રડતાં રડતાં પૂજ્યશ્રીને પ્રાર્થના કરવા લાગ્યો. પ્રાર્થનામાં પૂજ્યશ્રીને કહ્યું કે, "હે પ્રભુ !



પૂજ્યશ્રી મા એમ કહે છે કે પૂજ્યશ્રી સ્થૂળ સ્વરૂપે આપણી સાથે નથી રહ્યાં પણ સૂક્ષ્મ સ્વરૂપે તે પોતાના દરેક ભકતોની સાથે છે જ. અને તેમની રક્ષા પણ કરે જ છે" તો હે પ્રભુ ! આ વાત સત્ય હોય તો તમે કાલે સવારે હું ઊઠું તે પહેલાં જ મારો લેન્સ શોધી આપો. જો તમે લેન્સ નહિ શોધી આપો તો હું માની લઈશ કે પૂ. શ્રી મા જે વાત કહે છે કે પૂજ્ય શ્રી છે જ તે તદ્દન ખોટું છે અને જો લેન્સ નહિ મળે તો હું કાલથી 'સત્યપથ'ના પગથીયા નહી ચઢું. આવી પ્રાર્થના કરતાં કરતાં રડતા રડતા હું રાત્રે સૂઈ ગયો.

રાતે મારા પપ્પા આવ્યા બૂટ પહેરીને જ ઘરમાં કામ માટે આમતેમ ફર્યા. સવારે અમારી મમ્મી પૂ શ્રી મા પાસેથી 'સત્યપથ'માંથી ઘરે આવ્યા. તેમણે વાત જાણી કે મારા લેન્સ ખોવાયા છે ને રડતાં રડતાં સૂઈ ગયો છે

મમ્મીએ કયાં કયાં રૂમમાં હું લેન્સ લઈને ફરેલો તે હકીકત જાણીને ઘરનો ખાસ આવવા જવાનો ઓરડો જ્યાં ફ્રીજ પણ છે ત્યાં મમ્મી પણ શોધ કરવા લાગી અને આશ્ચર્યવચ્ચે મમ્મીને નાનકડો લેન્સ સહેજ દેખાયો.

આરપાર પ્લાસ્ટીકના કાચ જેવો એ નાનકડો ટૂકડો મળી ગયો

સૌને આનંદ થયો. ૪૦૦-૦૦ રૂા. નો એક લેન્સ મળી ગયો જેથી મને ઉંઘતાને ઉઠાડવામાં આવ્યો અને કહ્યું, "કેતન ! જો તારો લેન્સ મળી ગયો." આ વાકય સાંભળતા જ હું ઉભો થઈ ગયો અને ત્યારે જ મે માન્યું કે "પૂજ્ય શ્રી છે જ" પૂજ્ય શ્રી માનું કથન તદ્દન સાચુ છે.

પૂ. શ્રી ની કેટલીક અદ્‌ભૂત કૃપા કે લેન્સ જે જગ્યાએ-

થી મળ્યા તે જગ્યાએથી પપ્પા બૂટ પહેરીને રાત્રે નોકરીએ-થી આવ્યા પછી ત્રણ ચાર વખત પસાર થયા છતાં લેન્સ પર તેમનો પગ ન પડ્યો. ત્યારે મને થયું કે લેન્સ પર પગ પડી શકે તેમ હતો છતાં તેની રક્ષા થઈ તેનું કારણ શું ? પૂ શ્રી માને પૂછતા તેમને જણાવ્યું કે "આ તો પૂ. શ્રી ના ચરણ-નો ચમત્કાર છે" ત્યારે મને થયું કે પૂ. શ્રી માની વાત તદ્દન સાચી છે.

સત્યપથના પૂ. શ્રી ના એ વિરાટ જીવંત સ્વરૂપમાં ચિન્મય શક્તિ છે એવો વિશ્વાસ આ પ્રસંગ પછી અનેક ગણો વધી ગયો. પ્રભુ અમારો ખોવાયેલો લેન્સ શોધી આપ્યો તેમ અમારી ખોવાયેલી શ્રદ્ધાભક્તિ આ રીતે જ શોધી આપજો જેથી તમારા જ શ્રી ચરણે અમારૂં જીવન ધન્ય બને.

પૂ. શ્રી આપણી સમક્ષ સ્થૂળ સ્વરૂપે હતાં સૂક્ષ્મ સ્વરૂપે છે અને રહેશે જ. અસ્તુ. હરી ૐ

---

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની 'સરળગીતા' સેપલીથો કાગળ ઉપર મોટા અક્ષરોમાં પ્લાસ્ટીક જેકેટ સાથે છપાઇને તૈયાર થઈ ગયેલ છે. તેની કિંમત રૂા. ૫/- છે. જે કોઇ ભાઈઓને જોઇતી હોય તેણે તંત્રી અધ્યાત્મને લખવા વિનતી.

સરનામુઃ- પ્લોટ નં. ૧૬૮૮ બી, ધેનુકૃપાની બાજુમાં,
સરદારનગર, ભાવનગર-૧.



## મન ! અવ...

મન ! અવ માનિની-માયા ત્યાગ,
શાં આસક્તિ-રાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ.

કમલાક્ષી-આસક્ત-રક્ત જે
રક્ત-માંસ ને મજ્જા !
કિસલય-અધર, ચરણતલ લાલી !
સાંધ્યરંગની લીલા !
વદન-કમલ સુષમા, ઉરગરિમા
અમરિત-કલશ રસીલા !
આસક્તિ આ ઉષ્ણુ-રક્તની !
ઋતુરાજના ફાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ.

શાં આસક્તિ-રાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ.

નયનામૃતમાં નિરખ ચપલતા,
અધરામૃત શું વિષ !
રમણીયતામાં કૃતક રસિકતા
ગૌરવદન કિલ્મિષ !
રંગપતંગ ઉમટતા પલપલ.

ઝાકળ-ખીલ્યાં બાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ.

શાં આસક્તિ-રાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ.

વિલાસિનીના વિલાસ-ભોગે
ઘૃત-અગ્નિનો યોગ,
દીપ-પતંગ, હૂતાશન સ્વાહા !
રોગ-ભોગ-સંયોગ !
રજનીનો અંધાર જામતો :
જાગી શકે તો જાગ !
મન ! અવ માનિની-માયા ત્યાગ !
શાં આસક્તિ-રાગ !
મન ! અવ માનિની માયા ત્યાગ.

ડૉ. રણજીત પટેલ
(अनामी)

આળસથી આપણને દુઃખ થશે તો આપણે આળસુ નહીં રહીએ. એ જ રીતે આપણને વ્યભિચારથી દુઃખ થશે તો આપણે વ્યભિચારી નહીં બનીએ, નહીં રહીએ.

કામનાને ન સંતોષવી એ સારું છે. પણ શરૂ કર્યા પછી તેને રોકવી અસંભવિત નહીં તો મુશ્કેલ તો છે જ.



# વિવેક અને વૈરાગ્ય

સંકલન : મમતા પી. ભાટીયા

આ મનુષ્યજન્મ અતિ મૂલ્યવાન છે. એને ઇન્દ્રિયભોગો પાછળ વેડફી નાખવો એ અક્ષમ્ય નાદાની છે. એક વખતના વિશાળ સામ્રાજ્યના સમ્રાટ અને પછીથી મસ્ત ફકીર બનેલા ભર્તૃહરિ નીતિશતકમાં કહે છેઃ-

स्थाल्यां वैंदूर्यमय्यां पचति च लसूनं चंदनैरिन्धनाद्यैः
सौवर्णैर्लांगुलाग्रैः विलिखति वसुधामर्कं भूतस्य हेतोः ।
छित्त्वा कर्पूरखण्डान् वृत्तिमिह कुरुते कोद्रवाणां समन्तात्
प्राप्येमां कर्मभूमिः चरति न मनुजो यस्तपो मंदभाग्यः ॥

આ કર્મભૂમિ(માનવદેહ)ને પ્રાપ્ત કરીને જે મંદભાગી મનુષ્ય તપશ્ચર્યા નથી આચરતો તે ચંદનનાં ઈંધણા સળગાવીને વૈદૂર્યમણિના બનાવેલા પાત્રમાં લસણ પકાવે છે, આંકડાનું મૂળ શોધવા માટે સોનાની કોશવાળા હળથી ધરતી ખેડે છે, કપૂરના ટુકડા કાપીને કોદરાની આસપાસ રક્ષણ માટે વાડ બનાવે છે. અર્થાત્ એ મૂર્ખ મનુષ્ય પોતાના અણમોલ માનવજીવનને વ્યર્થ ચીજો પાછળ વેડફી રહ્યો છે, ઇન્દ્રિયભોગો પાછળ આત્મદેવની અવહેલના કરી રહ્યો છે.

ઇન્દ્રિયભોગો તો પશુપક્ષીની યોનિઓમાં પણ મળે છે. પરંતુ એમાં મનુષ્યજન્મની સાર્થકતા નથી. મનુષ્યને મળેલાં ઉત્તમ મન, બુદ્ધિનો ખરો ઉપયોગ પોતાના જીવનના અંતઃસ્તલમાં ડોકિયું કરી વિવેક, વિચાર અને સાધનાના બળે પોતાનું મૂળ દિવ્ય સ્વરૂપ, આત્મસ્વરૂપ ઓળખી લેવામાં છે. જન્મવું, રમવું, ભણવું, ગણવું, નોકરીધંધા કરવા,

પરણવું, સંતાનોત્પત્તિ કરવી, સંતાનોને ભણાવવાં ને પરણાવવાં ને છેલ્લે મૃત્યુના પંજાના શિકાર થઈ જવું—આટલામાં જ મોટાભાગના મનુષ્યોનું જીવન સમાપ્ત થઈ જાય છે. જીવનમાં કોઈ ઊંડાણ નથી. પગતળે આત્માનંદનો ખજાનો વણ ખોદાયેલો, વણ શોધાયેલો દટાઈ રહ્યો છે. તેના તરફ કોઈનું ધ્યાન જ જતું નથી.

અત્યારના ધર્મમાં પણ એ અનુપમ ખજાના તરફ લઈ જવાથી ક્ષમતા નથી, માનવને અંતર્મુખ બનાવવાની યોગ્યતા નથી. આમાં દોષ ધર્મનો કે તેના શાસ્ત્રોનો નથી. પરંતુ ધર્મને સહારે પોતાની આજીવિકા રળીને જીવન પૂરું કરી નાખનાર બિચારા ધર્મના ઠેકેદારોનો, પંડિતોનો અને પૂજારીઓનો છે. એમણે પોતે ધર્મના રહસ્યોને જાણ્યાં હોતાં નથી, પોતાના આંતર જગતમાં પ્રવેશ કર્યો હોતો નથી. પરિણામે એમના સમાગમથી લોકો એમ જ સમજે છે કે ઉપર વર્ણવ્યું તેવું જીવન જીવવું અને ફુરસદ મળે ત્યારે પ્રભુનું સ્મરણ કરવું, જેથી લોકો કહે કે અમુક માણસ ધાર્મિક છે.

જે ખરો જિજ્ઞાસુ હોય છે તે ધર્મના આવા છીછરા રૂપમાં અટકી જતો નથી. પોતાને ધાર્મિક કહેવડાવવામાં સંતોષ માની બેસતો નથી. તેના હૃદયમાં એક જ તાલાવેલી લાગે છે કે ઈશ્વરનું દર્શન કેમ કરીને પામું, શાશ્વત સુખ અને શાંતિનો અનુભવ કેમ કરીને મેળવું. તેના મનમાં ચટપટી લાગે છે કે શાસ્ત્રોમાં આવતાં રહસ્યોનો જીવંત પ્રત્યક્ષ અનુભવ મને ક્યારે થાય? યોગ અને વેદાંતના પ્રકાશથી મારા અંધકારભર્યા જીવનમાં ક્યારે ઝગમગાટ થાય? હું ક્યારે બધાં સુખદુઃખથી પાર થઈ જાઉં? ક્યારે પરમ નિર્ભય અને સંપૂર્ણ નિશ્ચિત બનીને આ વિશ્વરૂપી ઉદ્યાનમાં આનંદમય



થઈને જીવું? આ તેના હૃદયની આગ હોય છે. પોતાની નજર સમક્ષ તરવરતા એ પરમ લક્ષ્યને સિદ્ધ કરવા માટે સાચો જિજ્ઞાસુ સતત જાગૃત અને પ્રયત્નશીલ રહે છે. સાચા જિજ્ઞાસુને બરાબર ખબર હોય છે કે સંસારના બધાં પદાર્થો નશ્વર છે, અંતે છેહ દેવાવાળો છે. આજ સુધી મેં કંઈ જાણ્યું છે ને મેળવ્યું છે, હવે પછી જે કંઈ જાણીશ ને મેળવીશ એ બધું જ મૃત્યુના એક જ ઝાટકાથી છૂટી જશે. આજે જે મિત્ર છે તે કાલે શત્રુ પણ બની શકે છે. આજે દેખાતી બધી અનુકૂળતાઓ ભવિષ્યમાં પ્રતિકૂળતાઓમાં બદલાઈ શકે છે. તે પોતાની આંખ આગળ બનતા દુનિયાના તમામ બનાવોને જોતો રહે છે. પોતાને થતા જગતના સારા માઠા અનુભવોની દરકાર ન કરતાં પોતાના પરમ લક્ષ્ય આત્મશાંતિ તરફ દૃષ્ટિ રાખી, સંસારમાં વૈરાગ્ય કેળવી વિવેક સહિત આગળને આગળ વધતો રહે છે. પ્રતિકૂળ ઘટનાઓથી તે ગભરાતો નથી. તે જાણે છે કે પ્રકૃતિનો એ સ્વભાવ છે. એમાં કશું નવું નથી બનતું, તે પોતે પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવતો જાય છે. અને આનંદ કરે છે. આ આનંદ બીજા ન સમજે એવો હોય છે. અનુભવીઓ એની આ વાત સમજે છે. જેમ વૈદ્ય ડોકટરો સમજે કે કઈ દવા કયા રોગને મટાડે છે ને તેથી કેવું સુખ થાય છે તેમ.

એકલાં પાઠપૂજા, દેવદર્શન, નહાવું-ધોવું, સંધ્યા કરવી, માળા ફેરવવી વગેરેથી ધર્મની સમાપ્તિ થતી નથી. શરૂઆતમાં એ બધાની જરૂર હોય છે, પણ જ્યાં સુધી હૃદયમાં સાક્ષાત્કારની પરમ શાંતિ ન અનુભવાય ત્યાં સુધી સતત પ્રયત્નશીલ રહેવાનું છે. 'હુ કોણ છું? પૂજાપાઠ કરનારું કોણ છે? આત્મા અને પરમાત્મા વચ્ચે કેટલું અંતર છે? ઈશ્વરદર્શન અને આત્મસાક્ષાત્કાર વચ્ચે શો તફાવત છે?

પુસ્તકિયા જ્ઞાન, પંડિતોના જ્ઞાન અને પરમહંસોના અનુભવમાં શો ફેર છે ? આ પ્રશ્નો એકાંતમાં બેસીને ઊંડાણપૂર્વક વિચારવાના છે. પરમહંસોના મુખારવિંદથી આ બાબતમાં જે કાંઇ સાંભળ્યું હોય તે વારંવાર વિચારવાનું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ ડગલે ને પગલે જે જ્ઞાનની પ્રશંસા કરે છે, ભગવદ્ ગીતાના બારમા અધ્યાયમાં જગદીશ્વર જે ભક્તિયોગનું નિરૂપણ કરે છે તે પરમ અવસ્થા પ્રાપ્ત કરવાની છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છેઃ–

> अद्वेष्टा सर्वभूतानां मैत्रेः करुण एव च ।
> निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

'જે પુરુષ સર્વ પ્રાણીઓમાં દ્વેષભાવથી રહિત, સ્વાર્થ રહિત, સર્વનો પ્રેમી અને હેતુ રહિત દયાળુ છે, મમતા રહિત છે, અહંકાર રહિત છે, સુખદુઃખમાં સમતાવાળો અને ક્ષમાવાન છે એ મારો ભક્ત મને પ્રિય છે.'

હમણાં તો નાસ્તિકવાદનું જોર વધારે છે. પુષ્કળ શક્તિનો દુરુપયોગ થઇ રહ્યો છે. સાચી વાત સાંભળવાની પણ લોકોને ફુરસદ નથી, તેમજ કયા માણસ પાસે જવાથી સાચો રસ્તો મળશે એની પણ ગમ નથી. બહારથી લોકો વાતો બનાવીને કહે છે પણ અંદરથી પોલંપોલ નીકળે છે. ધર્મ એ વર્તવાની વસ્તુ છે, આચરણમાં ઉતારવાની વસ્તુ છે. માત્ર બોલી જવાની કે ભાષણ કરી જવાની વસ્તુ નથી. માણસ આખી ગીતા અર્થ સાથે કંઠસ્થ બોલી જાય અને વર્તનમાં મોટું મીડું નીકળે. આ બધાનો અર્થ એટલો જ થયો કે જો પ્રભુ તરફ જવું જ હોય, તો પહેલાં સુંદર ચારિત્ર્ય બનાવવું. પછી એવાં પુસ્તકોનો અભ્યાસ કરવો. આપણી ઇચ્છા પ્રમાણે ન થાય તો દુઃખ ન લાગવું જોઈએ, પણ



હંમેશા પ્રયત્નશીલ રહેવું. આખા દિવસમાં કેટલાં શુભ અને કેટલાં અશુભ કર્મો કર્યાં હોય તેનો વિચાર રાતના સૂતાં પહેલાં કરવો. અશુભ કર્મો કર્યાં હોય તેમાંથી બીજે દિવસે એક પણ અશુભ કર્મ નહિ કરું એવો સંકલ્પ કરવો. દાખલા તરીકે : ક્રોધ થયો તો રાતના સૂતાં પહેલાં વિચાર કરવો કે મારે આવતી કાલે ક્રોધ કરવો જ નથી. બીજે દિવસે સવારે પાછો સંકલ્પ કરીએ કે આજે મારે ક્રોધ કરવો જ નથી. એવો જો દૃઢ સંકલ્પ કર્યો હોય તો ક્રોધનો પ્રસંગ પ્રાપ્ત થવા છતાં ક્રોધ જરૂર અટકી જશે. આથી આપણી ત્રુટિઓ નીકળતી જશે અને હૃદય શુદ્ધ થતું જશે. પછી શુભ કર્મો કર્યાં હોય તેનો વિચાર કરીએ. દાખલા તરીકે : કોઇને મદદરૂપે બે પાંચ રૂપિયા આપ્યા એ થયું શુભ કર્મ, પણ તેમાં અહંકાર આવવાનો સંભવ છે. માટે વિચારીએ કે એ શુભ કરનાર હું કોણ માત્ર ? મારાથી તો પાંદડું પણ હલતું નથી, માટે જેની શક્તિથી આ શુભ કર્મ થયું તેને આ બધું માન ઘટે છે. આમ કરવાથી અહંકાર નિવૃત્ત થાય છે જ્યાં આ વૃત્તિ થાય, ત્યાં અંતઃકરણ એકદમ નિર્મળ થઈ જાય છે અને પ્રભુ તરફનો પ્રેમ એકદમ વધતો જાય છે.

મનુષ્યજન્મ પ્રાપ્ત થવાનું સાફલ્ય તો પ્રભુપ્રાપ્તિ કરી લેવામાં છે. સંસારના ભોગ–વૈભવ છોડીને પ્રભુ તરફ જવાની વૃત્તિ થાય તો સમજજો કે એ તમારા પૂર્વના શુભ સંસ્કારોનું ફળ છે. શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય મહારાજ જણાવે છેઃ–

> दुर्लभं त्रयमेवैतद्दैवानुग्रहहेतुकम् ।
> मनुष्यत्वं मुमुक्षत्वं महापुरुष संश्रयः ॥

આ સંસારમાં ત્રણ વસ્તુ દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ

(૨) મુક્તિની ઇચ્છા અને (૩) મહાત્મા પુરુષોનો સમાગમ. પૈસાટકા, ઘરબાર, સંતાન, સગાં સંબંધી, મિત્ર વગેરે તો મળે, પણ પ્રભુ તરફ જવાની-તેને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા થવી એ મહાભાગ્યની વાત છે.

કોઇ પણ મનુષ્ય સ્વભાવે પૂર્ણ નથી અને શારીરિક કે માનસિક દૃષ્ટિએ પણ પૂર્ણ નથી હોતો. કેવળ આત્મા જ પૂર્ણ છે. એટલે દરેક મનુષ્યજીવ તેના જીવનમાં ભૂલને ગફલત કરે એ જીવનો સ્વભાવ છે. એવી આપણી સમજણ હોય તો ઘણો વિક્ષેપ, ઘણી અશાંતિ દૂર થાય છે. એવી દૃષ્ટિ રાખવાથી મનુષ્યમાં ક્ષમા ગુણ આવી જાય છે. આપણે પોતે વ્યવહારમાં કેટલી ભૂલો કરીએ છીએ અને કરીશું એ પ્રત્યક્ષ અનુભવની વાત છે, એ ધ્યાનમાં રાખવું. મનુષ્ય પોતાના સદ્ગુણોને ઓછા આંકે અને દુર્ગુણોને મોટું રૂપ આપે તથા બીજાઓના સદ્ગુણોની મોટી કિંમત આંકી એના દુર્ગુણ તરફ દુર્લક્ષ રહે તો બહુ શાંતિ રહેશે. શ્રીમદ્ આદ્યશંકરાચાર્યજી કહે છે કેઃ–

मा कुरु जनधनयौवनगर्वं हरति निमेषात कालः सर्वम् ।
मायामयमियमखिलं हित्वा ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ॥

માણસે ત્રણ ચીજનો ગર્વ કરવો નહિ. (૧) જન (૨) ધન અને (૩) યૌવન. કારણ એ ત્રણેય આંખ મીંચવાની સાથે ચાલ્યાં જાય એવાં છે એમ સમજ. માયાથી બધા હણાયેલા હોવાથી બ્રહ્મના સ્વરૂપને ઓળખી તેમાં તું પ્રવેશ કર. વાત બરાબર સમજાય તો મનુષ્યજન્મની સફળતા છે.

એટલું તો ચોક્કસ છે કે, આ સંસારમાં મનુષ્યદેહ મળવો મુશ્કેલ છે અને તે મળે તો સંત-સમાગમ મળવો



મુશ્કેલ છે. મનુષ્યદેહ મળે છે, ત્યારે પુરુષાર્થ કરી આ દેહે જ મુક્તિ મેળવવી એ શ્રેષ્ઠ છે. એને માટે પ્રભુનું વારંવાર રટણ કરવું અને સાથે સાથે એ વિચાર કરવો કે 'હું કોણ છું' ? વિચાર કરતાં હૃદયમાં સ્ફુરણ થશે 'કે હું નિરંજન, નિરાકાર નિર્વિકાર, સત, ચૈતન્ય, આનંદ, નિર્ભય, જન્મમરણ રહિત છું.' એમ વિચારી હૃદયમાં દૃઢ નિશ્ચય કરી લેવો. એમાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે.


ફલને માટે અધીરા ન થવું, પણ સાધનસંપન્ન થવા માટે અધીરા થવું.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# સૃષ્ટિક્રમ અને જીવનમુક્ત

કમલ સુથાર

આકાશતત્ત્વ, વાયુતત્ત્વ, તેજતત્ત્વ, જલતત્ત્વ અને પૃથ્વીતત્ત્વ આ પંચમહાભૂતો વડે સૃષ્ટિની રચના થયેલી છે. વિભિન્નસ્વરૂપે દેખાતી સૃષ્ટિ પરમાત્માનું જ સ્વરૂપ છે. સૃષ્ટિ એ ચિત્તશક્તિનો જ વિલાસ છે. પરમાત્માનો જ વિલાસ છે. પરમપુરુષનો જ વિલાસ છે.

પુરુષોત્તમથી જે વિકર્ષણીશક્તિ સ્થૂલતા તરફ વહે છે એને સંચરક્રિયા કહે છે. આમાં વિકર્ષણીશક્તિ ક્રિયાશીલ રહે છે. વિકર્ષણીશક્તિના ચાલવાનો ઝોક જ્યાં સુધી આગળ વધે છે એટલું જ એના અણુભાવોનું આંતરિક આકર્ષણ વધી જાય છે. એક અણુ બીજા અણુની નિકટ આવતાં સમયે એમના મધ્યમાં શૂન્યતાનું વ્યવધાન ઓછું થઇ જવાને કારણે એને આપણે સ્થૂલ પ્રાપ્તિની સંજ્ઞા આપીએ છીએ. આમ પહેલાં આકાશતત્ત્વનું નિર્માણ થયું તેમાં શબ્દ વહન કરવાની ક્ષમતા છે. ત્યારબાદ વાયુતત્ત્વનો ઉદ્ભવ થયો. આ તત્ત્વમાં 'શબ્દ' અને 'સ્પર્શ' બન્ને તન્માત્રાઓ છે. ત્યારબાદ તેજસ્ તત્ત્વ ઉદ્ભવ્યું જેમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એમ ત્રણ તન્માત્રાઓ રહેલી છે. ત્યારબાદ જલતત્ત્વ અને અંતમાં પૃથ્વીતત્ત્વનું નિર્માણ થયું. જલતત્ત્વમાં રસતન્માત્રા અને પૃથ્વીત્તત્ત્વમાં ગંધ તન્માત્રા છે. પ્રકૃતિના ત્રણ ગુણ છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ. પુરુષ જ્યારે પ્રકૃતિના બંધનમાં આવે છે ત્યારે મહત્તત્ત્વ અથવા બુદ્ધિતત્ત્વને કારણે 'હું છું'' એવું ભાન થાય છે. પછી તેના ઉપર અહંતત્ત્વના પ્રભાવને કારણે 'હું કરું છું'' એવો બોધ થાય છે. અને



ચિત્તતત્ત્વને કારણે 'મારાવડે કરાયેલું છે' એવો બોધ થાય છે. આમ મહત્તત્ત્વ, અહંતત્ત્વ, અને ચિત્તતત્ત્વને કારણે 'વ્યક્તિ-મન'નું નિર્માણ થાય છે. આ રીતે 'જીવસૃષ્ટિ'નું નિર્માણ થયેલું છે.

મનુષ્યમાં બુદ્ધિશક્તિ અને વિચારશક્તિ છે એટલે એ પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે. મનુષ્યમાં વિવેકશક્તિ છે બીજાં પ્રાણીઓમાં વિવેક નથી.

આદિકાળમાં મનુષ્ય જંગલી અવસ્થામાં હતો. પછી સમૂહમાં રહેવા લાગ્યો. ધીમે ધીમે આ માનવ-સમૂહ અથવા ટુકડીઓએ 'ગોત્ર'નું રૂપ લીધું. 'ગોત્ર'-ગોત્ર વચ્ચે લડાઈઓ થતી. શારીરિકબળ જેમાં વધુ તે 'ગોત્ર'ની જીત. ધીમે ધીમે કુટુંબ, સમાજ અને રાજ્યની સ્થાપના થઇ. શક્તિશાળી નેતા બનતો. લડાઇઓ થતી હાર-જીત થતી. સામ્રાજ્ય વિસ્તારના પ્રયત્નો થતા. રક્ષણ કરનાર 'ક્ષત્રિય' કહેવાયા. વ્યાપાર કરનાર વૈશ્ય, જેમના જીવનમાં ખાવા-પીવા સિવાય બીજો કોઇ આદર્શ ન હતો તે શૂદ્ર કહેવાયા અને તેમનું સ્થાન સમાજમાં નીચું રહ્યું તેથી તે શૂદ્ર કહેવાયા. માણસે બુદ્ધિનો વિકાસ કર્યો, તપ, સંયમ, ધ્યાન, જ્ઞાનવડે બ્રહ્મત્ત્વ પ્રાપ્ત કર્યું તે 'બ્રાહ્મણ' કહેવાયા. આમ સમાજમાં ચાર વર્ગ બન્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. આ ચાર વર્ગનું નિર્માણ માણસના કર્મ અને ગુણને આધારે થયું. આ વર્ણવ્યવસ્થા કાયમી બની.

સમાજની આ વર્ણવ્યવસ્થા જન્મગત નથી. કર્મગત છે. મનુષ્યો દ્વારા નિર્મિત છે. આ વર્તમાન સમયમાં ભારતમાં આ વર્ણવ્યવસ્થામાં અનેક જાતની વિસંગતીઓ જણાય છે. આજે વર્ણવ્યવસ્થા છે તેમાં કર્મ-પ્રધાનતા રહી નથી. વિક-

સિત યુગમાં બ્રાહ્મણ, બ્રહ્મતત્ત્વ વિહોણા દેખાય છે. એમ દરેક વર્ણમાં જોવા મળે છે વિસંગતીઓ. એટલે આધુનિક યુગમાં આ વર્ણવ્યવસ્થા નિરર્થક છે.

દરેક મનુષ્ય જે કંઇ કર્મ કરે છે તેની પાછળ તેનો હેતુ સુખ, શાન્તિ અને આનંદપ્રાપ્તિ કરવાનો છે. વ્યાવહારિક જગતમાંથી એને જે કંઈ આનંદ પ્રાપ્ત થાય છે તે ક્ષણિક હોય છે. એ શોધે છે શાશ્વત સુખ, શાન્તિ અને આનંદ. હવે આ શાશ્વત સુખ, શાન્તિ, આનંદ તો–પરમાત્મામાંથી જ પ્રાપ્ત થાય. સીમિતમાંથી નહિ. અસીમમાંથી, શાશ્વતમાંથી જ શાશ્વત, અસીમ આનંદ પ્રાપ્ત થાય.

આ પરમલક્ષ્યની પ્રાપ્તિ માટે મનુષ્યને જ્ઞાનની જરૂર છે. અંતર્મુખ બની પ્રતિ–સંચર ઊર્ધ્વ–ગતિ તરફ પ્રયાણ કરવું જોઇએ. જે શાશ્વત પરબ્રહ્મમાંથી એ આવ્યો છે તે પરબ્રહ્મ તરફ તેણે જવું જોઈએ. એટલે એણે પોતાના મનને સ્થૂલમાંથી, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ભૂમિકાઓમાં લઇ જઇ અંતે પરબ્રહ્મમાં વિલીન કરવું જોઇએ. આમ મન વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં વિલીન થાય અને તે પરબ્રહ્મ સ્વરૂપ બને. એના મૂળ સ્વરૂપમાં એ સ્થિત થાય. પરમાત્મસ્વરૂપમાં સ્થિત થાય અને એ પરમાનંદનો ભોક્તા બને. એ જીવનમુક્ત બને. સહજ-સમાધિયુક્ત બને.



# સુભાષબાબુના ઘરે

શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી

અમે જયારે લક્ષ્મીનારાયણ મંદિરમાં ઉતારો કર્યો હતો ત્યારે અમને ખ્યાલ નહોતો કે નજીકમાં જ રાષ્ટ્રીય નેતા સુભાષબાબુનું ઘર રાષ્ટ્રીય સ્મારક તરીકે હજી પણ હયાત છે. પૂ. મા સર્વેશ્વરીને જાણ થઇ કે તરત જ તેમણે ત્યાં જઇ દર્શન કરવાનો નિર્ણય કરેલો. કેમકે પૂ. માના હૃદયમાં પણ દેશભાવના સારા પ્રમાણમાં કાર્યરત હતી. વળી સુભાષચંદ્ર બોઝને કોણ ઓળખે નહિ? સમસ્ત જગતના વીરપુરુષોમાં જેનું નામ આગલી હરોળમાં ગણાય છે તેને માટે કોના હૃદયમાં માનનો અભાવ હોય! સાચા ભારતીય તરીકે એવી કોઇ વ્યક્તિ નહિ હોય કે જે સુભાષચંદ્ર બોઝના ઈતિહાસને ન જાણતી હોય! વળી પૂ. મા તો ડબલ ગ્રેજ્યુએટ થએલાં અને સુરતની આગળ પડતી શાળામાં આચાર્ય તરીકે સેવા આપી ચૂકેલાં. એટલે સ્વાભાવિક રીતે આઝાદીના ઈતિહાસની જાણકારી તેમને હોય જ. તેમના હૃદયમાં સુભાષબાબુ માટે અનન્ય પ્રકારની પ્રેમભાવના હતી જ. તેથી જ તો એકવાર નહિ પણ બબ્બેવાર ત્યાં જવાના પ્રસંગો પૂ. મા એ ઊભા કર્યા હતા. વળી યાદ કરો, કાયાવરોહણ શિબિરમાં ત્રણેત્રણ દિવસ સાંજે અંતિમ કાર્યક્રમ દેશભક્તિનાં ગીતો ગવડાવી સમાપ્ત કરવામાં આવતો હતો તે પ્રસંગ! દેશદાઝની સુગંધ પ્રસરાવતા પૂ. મા સર્વેશ્વરી આખી મંડળીને લઈ ગયાં સુભાષબાબુના ઘરમાં, તા. ૨૧ મી જુલાઇ ૧૯૮૫ની સાંજે અને ત્યાં ગૌરવશાળી ભૂતકાળની અપ્રતિમ ગાથાની યાદગીરીની ગંગામાં આખી મંડળીને નિમગ્ન કરી દીધી!

કેવો ભવ્ય ભૂતકાળ ! મને હરિપુરા કોંગ્રેસનું અધિવેશન યાદ આવી ગયું. ઈ. સ. ૧૯૩૯નો તે સમય હશે. ત્યારે જો કે અમે નાના પ્રાથમિક શાળાના નિશાળિયાઓ હતા. બહુ બહુ તો આઠ નવ વર્ષની ઉંમર હશે. તાપી નદીને કિનારે એક ભવ્ય નગરનું જે નિર્માણ કરવામાં આવ્યું હતું તેનું અમારા હૃદયમાં ખૂબ આકર્ષણ હતું. કારણ કે અમે શિક્ષકો પાસેથી ઘણી ઘણી વાતો સાંભળી હતી. તે નગરનું નામ રાખવામાં આવ્યું હતું સુભાષનગર. તે નગરને જોવા અમે ત્યારે ગયેલા તેની યાદ આજે તાજી થઇ. તે વખતે કોંગ્રેસને વાંસદાના મહારાજાનો સારો સહકાર હતો. રાજાએ રથ આપ્યો હતો, તેમાં રથયાત્રા નીકળી હતી. બાવન બળદની જોડી તે રથને ખેંચતી હતી અને તે રથમાં આપણા મહાન નેતા સુભાષચંદ્ર બોઝ બેઠા હતા. તે દૃશ્ય મારા માનસપટ પર ખડું થતા તે દિવસે મેં અદ્‌ભુત રોમાંચ અનુભવ્યો હતો. તે અધિવેશનની યાદગીરી રૂપે કેટલાંક ફોટાઓને ત્યાં જોઈને સુભાષચંદ્ર બોઝની જયના તે જમાનાના નારાઓ અવકાશમાં જાણે કે ગાજવા લાગ્યા હતા !

સશસ્ત્રક્રાંતિ કરીને બ્રિટિશ સલ્તનતને ભારતમાંથી ભગાડી મૂકવાનો નિર્ણય કરનારનું વ્યક્તિત્વ કેવું ભવ્ય હશે ! વળી બધું એકલે હાથે જ કરવાનું અને છાનીચોરીથી ભૂગર્ભમાં તૈયારી કરવાની ! મહાન આદર્શ કે ધ્યેય માટે મરી ફીટનાર આ જગતમાં કેટલા ? આધુનિક નેતાઓમાં તો એકે નહીં ! તેના હજારમા ભાગની ફનાગીરી પણ જોવા મળે તો આપણું સદ્‌ભાગ્ય ! બ્રિટિશ સરકારની આંખમાં ધૂળ નાંખી આઝાદ હિંદ ફોજનું નિર્માણ કરનારની યાદથી અમારું મસ્તક નમી ગયું ! તેમના પર સરકારનો સતત પહેરો રહેતો. છતાં એક



દિવસ ઘરની ફરતે લશ્કરનો પહેરો હોવા છતાં તેઓ કેવી રીતે દિવાલ કૂદીને ગાયબ થઇ ગયા હતા તેની નિશાનીઓ જોઈને રૂંવાડાઓ ખડા થઈ ગયા. તેમની હિંમત અજોડ હતી. તેમના નિર્ણયો પણ ગજબના હતા. છાની ચોરીથી ભારત છોડી તેઓ ક્યાં ક્યાં ગયા હતા ને કોને કોને મળ્યા હતા તેના પુરાવાઓ પણ ત્યાં જોવાના મળ્યા હતા. તેઓ હિટલરને જર્મનીમાં કેવી રીતે મળ્યા ને ત્યાંથી જાપાન કેવી રીતે ગયા તે ફોટાઓ પણ ઇતિહાસની ભવ્ય ગાથાઓના સાક્ષીરૂપે મૂક પડી રહ્યા હતા. તેઓ વિમાન દ્વારા જાપાન આવ્યા હતા ને તે વિમાન અકસ્માતમાં કેવી રીતે સપડાયું હતું તે જોઈને તો ઘણાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

એક લાખ માણસની ફોજ તેમણે એકલે હાથે કેમ કેમ તૈયાર કરી હશે ? કેટલી બધી મુસીબત વેઠી હશે ? કેટલું બધું ધન એકત્રિત કર્યું હશે ? એક લાખ માણસનો પહેરવેશ તેને આપવામાં આવેલી સાધનસામગ્રીઓ અને સૈનિકોના હૃદયમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલી દેશભક્તિ–એ બધાં મુદ્દાઓનો ખ્યાલ સુભાષચંદ્ર બોઝના સામર્થ્યની ઝાંખી કરાવનાર હતો. પૂર્વ-ઉત્તરના ખૂણેથી બર્મા બાજુએથી બ્રિટિશ હિંદ ઉપર તેમણે ચઢાઈ કરાવેલી તે નિર્ણય પણ દાદ માંગી લે તેવો ગણાય. તે વખતે બીજું વિશ્વ યુદ્ધ ચાલતું હતું. બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેન્ડની પરિસ્થિતિ ઘણી જ ખરાબ હતી. બ્રિટિશરોને માથે ત્યારે ઘણી મોટી જવાબદારીઓ હતી. બ્રિટિશ સલ્તનતનું લગભગ તમામ બળ હિટલર સામે રોકાયેલું હતું. તેવે વખતે સહેલાઇથી ભારત પર કબજો થઈ શકે તેવી ગણતરી કરી તેમણે આઝાદ હિન્દ ફોજ પાસે આક્રમણ કરાવેલું ને ખરેખર અચાનક આક્રમણથી લાભ

પણ થયેલો. થોડો પ્રદેશ ઉતાવળે કબજે કરી પણ લીધેલો. બ્રિટિશરોની ઉંઘ હરામ થઈ ગયેલી. લોકોને તો એવી છાપ પડેલી કે હવે અંગ્રેજોનું આવી બન્યું ! પરંતુ કુદરતની ઇચ્છા કાંઇક જુદી જ હતી. વિમાની અકસ્માતમાં સુભાષબાબુનું અવસાન થતાં બાજી પલટાઈ ગઇ હતી. જીતેલો પ્રદેશ ફરીથી અંગ્રેજોના હાથમાં ચાલ્યો ગયો હતો ને પરિણામે આઝાદ હિન્દ ફોજે પીછેહઠ કરીને યુદ્ધનું મેદાન છોડી દીધું હતું.

પાછળથી આઝાદ હિન્દ ફોજ પર કેસ કરવામાં આવેલો. તે કેસ ભારતના તે વખતના સમર્થ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઇની મદદથી જીતી ગયેલા. તે કેસના પરિણામથી અંગ્રેજોનું નૈતિકબળ તૂટી ગયું હતું. વળી તે વખતે અમેરિકા જેવા વિશાળ દેશના લોકોનો મત ભારત તરફી બની રહ્યો હતો તેથી અંગ્રેજ સરકારના પાયા હાલી ઉઠયા હતા એટલું જ નહીં પણ પાછળથી મુંબઇ બંદરે નૌકાસૈન્યમાં અચાનક જાગી ઉઠેલું તોફાન ને અસહકારની પ્રગટ થયેલી જોરદાર હવા બ્રિટિશ સરકારને છેલ્લી ચેતવણીરૂપ હતી. આ બધા કારણોને લઇને ભારતને આઝાદી ઇ. સ. ૧૯૪૭ના ઓગષ્ટની ૧૫ મી તારીખે આપવામાં આવેલી તે હકીકત સર્વવિદિત છે. આ રીતે ભારતને આઝાદી હાંસલ કરવામાં સુભાષબાબુના સઘળા પ્રયત્નોએ ઘણો વેગ આપ્યો હતો તેની યાદ તાજી કરી અમે સહુએ ગૌરવ અનુભવ્યું હતું.

મને તો પ્રકાશના પંથેનું પેલું પ્રકરણ પણ યાદ આવી ગયેલું કે જ્યારે નેપાલી બાબા પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી આગળ ઐતિહાસિક ઘટના રજૂ કરતા કહે છે કે છેલ્લી સીમલા પરિષદ વખતે સુભાષચંદ્ર બોઝ હિટલર સાથે છૂપાવેશે આવેલા ને તેમને ઓળખી કાઢેલ. નેપાલી બાબાએ તેમને



માર્ગદર્શન આપી રવાના કરેલા તે પ્રસંગ મારા માનસપટ પર તાદૃશ થયો હતો. જંગલમાં તપશ્ચર્યા કરનાર સંતો પણ ભારતની આઝાદી માટે કેવી કેવી ખેવનાઓ કરતા હતા ને કેવી કેવી અનુપમ પ્રાર્થનાઓ કરતા હતા તેના પુરાવાઓ 'પ્રકાશના પંથે'માં છે. સ્થિતપ્રજ્ઞ દશાને પામેલા સંતોના અંતઃકરણમાંથી નીકળેલ આર્ત પ્રાર્થનાઓની તાકાત પણ ભારતને આઝાદી અપાવવામાં કારણભૂત હતી તે કદી પણ વિસરાવું ન જોઇએ. સંતોના સંકલ્પનું બળ શું ઓછું આંકી શકાય ? પરમાત્માની સત્તા સંતો દ્વારા કાર્યરત રહેતી હોય છે તે કેમ ભૂલી શકાય ? 'પ્રકાશના પંથે'માં તેનો પણ સૂક્ષ્મ ઇતિહાસ અનેક પ્રકરણોમાં વેરાયેલો પડયો છે તેની નોંધ આધુનિક ઇતિહાસકારો કદી લેશે ખરા ? ખબર નહીં. અમારા હૃદયમાં આવી બધી જ લાગણીઓ ને ભાવનાઓ, ગંગામાં ચણાનો એક જ દાણો નાખવામાં આવે ને નિર્દોષ માછલીઓ અનેકની સંખ્યામાં તરવરી ઉઠે તેમ સુભાષબાબુના બે માળના મકાનમાં આઝાદીની યાદ સાથે તરવરી ઉઠી હતી તે વ્યક્ત કરતા અનેરો આનંદ થાય છે.

નીચેના વરંડા આગળ સુભાષબાબુ જે મોટરકાર વાપરતા હતા તે પણ જેવી ને તેવી દશામાં મૂકી રાખી છે. ઈ. સ. ૧૯૪૩-૪૪ ના જમાનાની એ મોટરગાડીની હાલત સારી હતી. જાળવણી સારી રાખવામાં આવી હતી. સિંહ સમાન તે વ્યક્તિત્વ આ ગાડીમાં બેસીને કલકત્તાના રસ્તાઓ પરથી પસાર થતું ને બ્રિટિશરોના કાળજામાં ભયની લાગણી ફરી વળતી એ હકીકતનું બયાન મૂક રીતે આ ગાડી ને આ આખુંય મકાન આપી રહ્યા હતા. જેની રગેરગમાંથી દેશ માટેનો વિશુદ્ધ પ્રેમ નિત્ય નીતરતો રહેતો હતો તેવા મહાન

આત્માના ચરણરજથી જે ઘર પાવન થયું હતું તે ઘરની આસપાસના સમસ્ત પરમાણુઓ પવિત્ર થઈને આજે પણ સૂક્ષ્મ રીતે જેનું યશોગાન્ ગાતાં હતા અને અમારા હ્રદયમાં દેશપ્રેમની માત્રાઓ વધારતા હતા તે આત્માને લક્ષકોટિ પ્રણામ હો ! નિત્ય નિત્ય પ્રણામ હો ! ધન્ય છે ભારત ! ધન્ય છે ભારતની પ્રજા કે જેના ઉદ્ધાર માટે યુગે યુગે આવા મહાન આત્માઓ અવતાર ધારણ કરે છે !

## * અભિનંદનીય *

આ વર્ષે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના બીજા લીલા સંવરણદિન નિમિત્તે માર્ચ, '૮૬ ના અધ્યાત્મના અંકનું મુખપૃષ્ઠ સુંદર રંગીન કવરમાં છાપ્યું. તેનો રૂા. ૩૫૦૦ જેટલો ખર્ચ કેનેડાના સાધક ભાઇબહેનોએ સ્વેચ્છાએ આપ્યો, એ ખરેખર અભિનંદનીય છે. એમાં સહાય કરનાર સહુ ભાઇબહેનોને આ સત્કર્મમાં સહાય કરવા બદલ હ્રદયથી શુભેચ્છા પાઠવું છું. –તંત્રી

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



# ઈશ્વર–દર્શન

સંકલનઃ–ઈશ્વરભાઇ શાહ

[ પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી ]

એક માણુસ મને પૂછે કે બાપુ અશાંતિ છે તો હું તેને કહીશ કે રામનો જપ કર. આ શાસ્ત્ર છે, સત્સંગ નથી. સત્સંગમાં આજ વાત સાધક પૂછે તો હું બીજી વાત કહીશ. શાસ્ત્રોમાં દેવ–દેવીઓ, સ્વર્ગ–નરક, પાપ–પુણ્ય, શરીર–જગત–ઈશ્વરની જે વાતો છે, તે માર્ગ અજ્ઞાનીને રસ્તે ચડાવવાનો છે. સત્સંગ તેથી ઉંચી વાત છે. હવે ધ્યાન રાખો.

સાધકમાં એક અહમ્–ભાવ જે "હું" છે. બીજું અભિમાન છે. અભિમાન શરીર સાથે અંતઃકરણમાં રહે છે. જ્યારે અહમ્–ભાવ તમે પોતે તમારી ભૂલથી તાદાત્મ્યતાથી 'હું શરીર છું" " શરીરમારૂં છે " અને ' શરીર મારા માટે છે ' એક ભાવ છે.

અભિમાન તો શરીર છે ત્યાંસુધી રહેવાનું જ. સૂક્ષ્મ થશે, સૂક્ષ્મતર થશે, સૂક્ષ્માતિત સૂક્ષ્મ થશે પણ અંશ રહેવાનોજ. આનું નામ શંકર છે. અભિમાનના દેવ શંકર છે.

સાક્ષાત્કારનો બોધ કરાવે કોણ ? ત્યાં સૂક્ષ્મ જોઇએ જ, નહિતર બ્રહ્મ થઈ જાય. આ સ્થિતિ શક્ય નથી. આ વાત બુદ્ધિની સમજણ બહાર છે. સુતિક્ષણજીએ રામ પાસે અભિમાન વધારો તેજ માગણી કરેલ છે. હે રામ, હું સેવક, તમે સ્વામી, આવું ખૂબ અભિમાન વધારો. રામ પણ નવાઇ પામ્યા.

"હું–ભાવ"

આની ગતિ બે તરફ કરાવે છે તે છે શંકર (અભિમાન)

(૧) એક ગતિ અધ્યાત્મ તરફ જેનું નામ છે અધ્યાત્મ.

(૨) બીજી ગતિ જગત તરફ જેનું નામ છે ભૌતિક.

ગતિ કોણ કરાવે ? પ્રાણ. સમષ્ટિમાં મહાપ્રાણ, વ્યષ્ટિમાં પ્રાણ.

પ્રાણ કોણ છે ? અભિમાન.

અભિમાન કોણ છે ? શંકર.

એક શંકર છે. આ ગતિ છે.

એક રામ છે. આ સ્થિરતા છે.

સ્થિરતા વિના ગતિ ન થાય. એટલે ગતિનું મૂળ રામ છે. પણ ગતિના દેવ શંકર છે.

શરીરમાં ગતિ ન હોય—પ્રાણ ન હોય, તો ભલે બુદ્ધિ હોય, ચિત્ત હોય, મન હોય, ઇંદ્રિયો હોય સ્થૂલ, સૂક્ષ્મ, કારણ દેહો હોય પણ નકામાં. તેને શરીર નથી કહેવાતું. શબ કહેવાય છે.

ટ્રેનના ડબાનું ચાલવાનું કારણ પૈડાં. પણ પૈડાંનું મૂળ ધરી. અને આ બધાનું મૂળ ચેતન ડ્રાઇવર. ધરી ફરે તો પૈડાં ન ફરે, ઘસડાય. એક ડ્રાઇવર ઉતરી જાય તો ગાડી હોય, ડબા હોય, પૈડાં હોય, ધરી હોય, પણ બધાં નકામાં.

આ સૂક્ષ્મ વાત છે. પ્રાણ પોતે જ મન બનેલ છે. પ્રાણ પોતેજ ઇંદ્રિયો બનેલ છે. પ્રાણ પોતેજ બુદ્ધિ બનેલ છે. શરીરમાં જે કાંઇ છે તે પ્રાણનાજ સ્વરૂપો છે.

સાબિતી શું ? ટૂંકામાં ટૂંકી વાત કે પ્રાણ જતાં આ બધા નથી.

આજ મહત્ત્વનો સત્સંગ કરીએ.

જુએ આ જગતમાં બે વાત છે (૧) સત્ય (૨) અસત્ય.

સત્ય શબ્દનો અર્થ તમે સાચુ બોલવું તે કરો છો. આ ઠીક છે પણ આ અર્થ નથી. સત્ય એટલે જેની સત્તા સર્વોપરિ



છે. તેની સત્તાથીજ અસત્ય પણ સત્ય જેવું પ્રતિત થાય છે. આ સત્ય એકજ છે. આ સત્ય તમારી સાથે સદા છે. તમે ધારો છતાં સત્યથી અળગા ન થઇ શકો. આ સત્યના અસંખ્ય નામો દઇ લોકોને ભ્રમિત કર્યાં છે. શાસ્ત્રોએ આ સત્યનાં અસંખ્ય નામો દઇ લોકોને સત્યથી અળગા કરી દીધા છે. મુસ્લીમો ખૂબ સારા છે, ઇસાઇ ખૂબ સારા છે આ બંનેએ સત્યનું એકજ નામ ખુદા અને God દીધું. હિંદુઓએ અસંખ્ય નામો દઇ લોકોને મૂળ સત્યથી દૂર કર્યાં છે. ગરીબમાં ગરીબ શ્રીમંતમાં શ્રીમંત બુદ્ધિવાન મુસ્લીમો નમાજ પઢશે. ઇસાઇ-ઓ ચર્ચમાં જશે. જ્યારે હિંદુ કાંઇ કરતો નથી. બુદ્ધિમાં રાચે છે.

આ સત્યને રામ-કૃષ્ણ-શંકર—અંબા—ચેતન—નિત્ય—બ્રહ્મા—વિષ્ણુ ઘણાં નામો દીધાં. નામો દેવામાં વાંધો નથી. આ બધા સત્ય જ છે પણ અજ્ઞાની લોકો આગળ ઝાઝાં કપડાં મુકો તો ખરેખર તેને જોઇશે તે પસંદ નહિ કરી શકે.

ભાગવતમાં વ્યાસે સત્યનું જ પ્રતિપાદન કર્યું. તુલસીએ રામાયણમાં રામનું પ્રતિપાદન કર્યું. આ પ્રમાણે દરેક શાસ્ત્રો—પુરાણોમાં જુદાં જુદાં નામો છે. રામાયણનું વાંચન કરનાર રામને 'સત્ય' માની આગળ ચાલશે ? કે દશરથનો દીકરો જે ભગવાન્ છે તે.

આ સત્યની વ્યાખ્યા જ સમજાવવાની જરૂર હતી. "રામ" શબ્દનું પિંજણ જરૂરનું ન હતું. રામના પિંજણથી તમે સત્ય ન સમજી શકયા. તેમ રામને પણ ન સમજી શકયા.

સત્ય એક છે. આ સત્ય સિવાય જે છે તે બધુ અસત્ય. આ ફન્ડામેન્ટલ સિદ્ધાંત હૃદયમાં પકડી રાખો.

શંકર અસત્ય, બ્રહ્મા અસત્ય, વિષ્ણુ અસત્ય, પછી બીજાની તો વાતજ કયાં રહી ?

હવે સત્ય તે તમે અને અસત્ય તે શરીરથી માંડી જગત બધું. બ્રહ્માંડ બધું, દેવો બધા, દેવીઓ બધી.

સત્ય તમે છો તેની સાબિતી શું? કે તમને કદાપિ હું નથી તેવું નહિ થાય.

બુદ્ધિમાં બ્રહ્માની વાત આવશે તો પાછી જતી રહેશે. પણ આ વાતને જાણનાર સત્ય (તમે) નહિ જાવ.

આ ઉપરથી બીજો સિદ્ધાંત પ્રતિપાદન થયો. (૧) જે કદાપિ જાવ-આવ ન કરે. કાયમ સ્થિર રહે તે સત્ય (તમે) (૨) જે આવે અને જાય તે અસત્ય.

(૧) પહેલો સિદ્ધાંતઃ–અહીં એજ વાત છે. (૧) સત્ય (૨) અસત્ય.

(૨) બીજો સિદ્ધાંતઃ–(૧) જે કાયમ રહે તે સત્ય (૨) જે આવ-જા કરે તે અસત્ય.

(૩) ત્રીજો સિદ્ધાંતઃ-સત્ય એટલે "છે" (કાયમ સત્તા છે જેથી છે, છે અને છે.) અસત્ય એટલે નથી. (પોતાની સ્વતંત્ર સત્તા નથી એટલે "નથી.")

પહેલાં સિદ્ધાંતમાં સત્ય એક જ છે. અસત્ય નથી, તે સાબિત કરવું પડશે કે અસત્ય જગત, શરીર ભલે હોય પણ દેખાય છે સત્ય જેવું–તો કેમ અસત્ય?

હવે દાખલા તરીકે વિશુદ્ધાનંદ અહીં નથી. તમને કોઇ પૂછવા આવ્યું કે, વિશુદ્ધાનંદ છે? તો જે "નથી" તેનો જવાબ "છે" એ દીધો. "નથી." એટલે "છે" થી "નથી" પ્રતિપાદન થયું.

બીજો સિદ્ધાંતઃ–અસત્યને જે જાણે છે તેજ સત્ય છે. આ સત્ય (તમે) છો તો-તમને થશે કયાં છે?



આ સત્યનું નામ ઈશ્વર દઇ તમને ધોખામાં નાખ્યા છે. ઈશ્વર તો તપ-જપ-વ્રત વિના ન મળે. ઉંધા માથે લટકવું પડે, ગુફામાં રહેવું પડે, શરીર ઓગાળી નાખવું પડે-આ બધી ભ્રામક વાતો છે.

મને તમે બધા સત્ય જ દેખાવ છો. હમણાં હું તમને સત્ય બતાવીશ-પણ આજ સુધી તમે ઈશ્વર-ભગવાન્ નામોનો કચરો ભર્યો છે તે કાઢતા નથી.

હું તમને સત્ય-ઈશ્વર હમણાં જ બતાવીશ. તમારી બુદ્ધિ હા પાડશે પણ માનશો નહિ. ન માનવાનું કારણ છે તમારૂં વાંચન. આ વાંચન ઉપરથી ખોટી માન્યતાઓ દૃઢ કરેલ છે તે સામે આવેલ ઈશ્વરને ઈશ્વર માનવા તૈયાર નહિ થાય.

વેદમાં એક વાકય છે. "સત્યમ્-જ્ઞાનમ્-અનંતમ્-બ્રહ્મ." વેદની વાત કરી તો ખુશ થઇ ગયા. બ્રહ્મ તેજ સત્ય છે. બ્રહ્મ તેજ જ્ઞાન છે. બ્રહ્મ તેજ અનંત છે. આ સત્ય-જ્ઞાન. અનંત તેજ છે બ્રહ્મ. આ વેદની શ્રુતિનો અર્થ છે.

સત્ય તો મેં તમને કહ્યું-હવે બીજો શબ્દ શ્રુતિએ મૂકયો છે. જ્ઞાન એટલે બ્રહ્મ પોતે જ જ્ઞાનસ્વરૂપ સત્ય છે. આ બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ સત્ય છે અને તેનો જ ફેલાવો બ્રહ્મ છે. સત્ય આગળ જ્ઞાન મૂકયું. બોલો-તમારામાં જ્ઞાન છે કે નહિ? જ્ઞાનના બે પ્રકાર છે (૧) સત્ય જ્ઞાન (૨) અસત્ય જ્ઞાન જેમાં બુદ્ધિ ઈંદ્રિયોનું જ્ઞાન છે.

અસત્ય જ્ઞાનની જરૂર કર્મ ભોગવવા માટે છે, તમારે નથી. તમારી પાસે તમારૂં ૧૦૦ ટચનું સત્ય જ્ઞાન છે. પછી અસત્ય જ્ઞાનની તમારે શું જરૂર છે?

હવે તમારો પ્રશ્ન હશે કે બાપુ, અમારા સત્યજ્ઞાન અને અસત્યજ્ઞાનનો ભેદ કેમ પડ્યો તે અમને ખબર નથી. નિજ-

જ્ઞાન કેમ જાણવું અને બુદ્ધિજ્ઞાન કેમ જાણવું. આ બંનેમાં ભેળસેળ થઇ જાય છે. આવો પ્રશ્ન ઘણાનો હોય છે. તમારે નહિ હોય. અસત્ય ન હોત તો જે સત્ય છે, છે અને છે તેની ખબર કેમ પડે ?

ઈશ્વરે તમને તેની સાથે મિલન કરવામાં જો કોઇની જરૂર રાખી હોત તો ઈશ્વર નં. ૧ નો મૂર્ખ ગણાત, પણ તમારૂં અને તેનું મિલન સદા છે જ. કોઇની જરૂર નથી.

સમજો અને આદર કરો. ન સમજાય અને સંદેહ હોય તો જાણકાર ગુરુનો સંપર્ક સાધો. આ કારણે મારા લખાણ-માં–સત્સંગમાં કોઇ શાસ્ત્ર–પુરાણનું કવોટેશન નહિ હોય. પણ છે બધું જ શાસ્ત્રનું. વેદ-ઉપનિષદ-ગીતા–ભાગવત સિવાય હું કાંઈ લખતો જ નથી. પણ તમને શોખ કવોટે-શનનો. હું તે તમારામાંથી કઢાવવા માગું છું. આ કારણે તમને મારા લખાણથી Shock લાગે છે હું જાણું છું પણ તમે પ્રશ્ન કરો તો મારી પાસે ઘણા જવાબ છે પણ તમે પ્રશ્ન કરો તેની જગ્યા જ નથી રહેવા દેતો.

ગુણો બધા અસત્ય છે. દોષો તો અસત્ય છે જ. ગુણોમાં ક્ષમા-દયા અસત્ય છે. દોષમાં ક્રોધ-લોભ તો તમને પણ અસત્ય લાગે જ છે.

સત્ય ગુણાતીત છે. સત્ય ક્ષમા નથી, તેમ ક્રોધ નથી. પણ બંનેયને સત્ય જાણે છે. ક્ષમા સત્યને ન જાણે. કારણ કે તે અસત્ય છે. સત્ય સિવાય બધું જ અસત્ય. આ બધા અસત્ય-નો જે પહેચાન કરાવે તેનું નામ સત્ય. બોલો–ક્રોધ આવે છે તેની તમને ખબર પડે છે કે નહિ ? જો. "હા" તો તમારી પાસે જોવા માટે એક પ્રકાશ સિવાય કોઇ સાધન નથી. માટે કોઇ પ્રકાશથી જોઇ તમે કહો છો કે–ક્રોધ આવ્યો.



પાછો આ ક્રોધ જાય છે. ક્રોધ ગયો-તે પણ તમે જાણો છો. અને પછી બોલો છો કે–ક્રોધ સાલો આવી જાય છે. ઘણી મહેનત કરૂં છું કે-ક્રોધ ન કરવો જોઇએ–પણ હાથની વાત નથી.

ક્રોધ ગયો તે જેણે જાણ્યું તે છે સત્ય. પાછળ જે બોલ્યો કે ક્રોધ આવી ગયો ન કરવો જોઇએ પણ રોકાતો નથી. આ જે ચોવટ કરે છે તે છે અહમ્–ભાવ.

હવે ધ્યાન રાખજો–ઈશ્વર બતાવું છું.

ક્રોધને આવતો–અને–જતો જેને જોયો તે છે તમારૂં નિજજ્ઞાન, આ નિજજ્ઞાન છે સત્ય. આ સત્ય છે જ્ઞાનસ્વરૂપ. આ જ્ઞાન નિત્ય છે. આ જ્ઞાન અવિનાશી છે, તેના સિવાય બધુ વિનાશી છે.

આ જ્ઞાન તે તો તમારૂં જ સ્વરૂપ છે, જેથી તમારૂં નામ જ્ઞાનસ્વરૂપ છે. આ જ્ઞાનથી જે ક્રોધને સત્તા મળે છે, ક્ષમાને સત્તા મળે છે. જ્ઞાન ન હોત તો ક્રોધ-ક્ષમાનો પ્રશ્ન જ ન રહેત. ક્રોધ આવે તો અણગમતો મહેમાન છે. ક્ષમા આવે તો ગમતો મહેમાન છે. આ મહેમાનો શરીરરૂપી ઘરમાં અતિથિ બની આવે છે. આ ઘરની વ્યવસ્થા મા–પ્રકૃતિ પંચ-ભૂતોથી કરે છે. તમે તો ઘરના માલિક છો. તમે તો સત્યમ્-તમે તો જ્ઞાનસ્વરૂપમ્-તમે તો અનંતમ્-તમે તો બ્રહ્મમ્.

મહેમાનો દરેકના સ્વભાવ પ્રમાણે શરીરમાં આવશે. અને તે મહેમાનો કાયમ ન રહે તે માટે તમે પ્રાણ (શંકર) ને રાખ્યા છે.

બોલો-ધ્યાન દુનિયાનો કોઇ કાયમ રાખી શકશે ? સમાધિ કાયમ રાખી શકશે ? જપ–તપ–વ્રત કાયમ થશે ? કાયમ બોલી શકશો ? કાયમ જાણી શકશો ? જવાબ છે–ના.

તો આ બધા જે જે આવે અને જાય તે અસત્ય છે. સત્ય તમે જ કાયમ છો. જે સત્ય છો. તમારે અસત્ય સાથે ન ભળવું. આ મોટામાં મોટી સાધના છે. ક્ષમાનું પણ સમર્થન ન કરો. ક્રોધનો પણ વિરોધ ન કરો. ક્ષમા ગુણ છે, ક્રોધ દોષ છે. આ બંનેયને જોનારા તમે સત્ય છો.

સમર્થન નહિ તેમ જ વિરોધ પણ નહિ, માત્ર ઉપેક્ષા. શરીર છે તો-વાસના છે. આ વાસનામાં શુભ છે તેમ જ અશુભ પણ છે, જેથી ક્રોધ આવશે અને ક્ષમા પણ આવશે. આ બંનેયની ઉપેક્ષા કરો. જ્યારે તમે ૧૦૦ ટકા ભળશો નહિ-પછી ક્રોધ આવશે તો ખરો, પણ તમારામાં દેખાશે નહિ, ક્રોધ ક્ષમામાં બદલાઇ જશે.

| | |
|---|---|
| આ જે સત્ય છે | તે જ ઈશ્વર છે |
| આ જે જ્ઞાન છે | તે જ રામ છે |
| | તે જ કૃષ્ણ છે |

આ જ્ઞાનસ્વરૂપ સત્યને ઈશ્વર સાથે હવેના સત્સંગમાં મેળ પાડીશું જેથી ભ્રમ જાય.

તમારી બુદ્ધિ પ્રશ્ન કરશે, બાપુ ઈશ્વરને અવિનાશી કહેલ છે તે સાબિત જ્ઞાન સાથે કરો. અવિનાશી એટલે કાયમ રહે છે તે. વિનાશી એટલે જે આવે અને જાય તે. બોલો-તમારૂં જ્ઞાન કદી એવો પ્રકાશ પાડે છે કે "હું નથી" જો "ના" તો અવિનાશી છે.

દયા કાયમ ટકશે ? કોઇને રૂા. ૧૦૦ આપી તરત કહેશો વધુ અપાઇ ગયા. અને દયા ગઈ.

આ ઉપર સતત ચિંતન-મનન કરજો અને સંદેહ પડે તો પૂછજો બાકી જગતમાં બીજો કોઈ ઈશ્વર નથી.

ઈશ્વર-ઈશ્વરને શોધવા નીકળે તેથી વધું અસમજણ કઇ ?

*——*



# વારો આવ્યો છે હવે અમારો

—જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

[“સત્યપથ કલ્યાણ કેન્દ્ર”-એક અભિનવ રચનાત્મક દૃષ્ટિકોણ.]

યોગેશ્વર પરિવારની પ્રવૃત્તિના વટવૃક્ષની એક વડવાઇ -એટલે શ્રીસત્યપથ કલ્યાણ કેન્દ્ર.

આ જીવન અયાચક વ્રતધારી આપણા પ. પૂ. ગુરુદેવશ્રીએ ક્યારેય કોઇની પાસે કશાનીય યાચના કરી નથી. આપણાં પૂ. મા શ્રી એ પણ એજ વ્રતનું ચુસ્તપણે પાલન કર્યું છે. જ્યારે આપણા પૂ. શ્રી ગુરુદેવે આપણી પ્રત્યે આવી અગાધ ઉદારતા દર્શાવી છે ત્યારે આપણે ગુરુઋણ અદા કરવાના એક ભાગરૂપે નિયમિત રીતે કંઇક કરીએ એવી અપેક્ષા સ્હેજે થાય. “ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય” એ કહેવત અનુસાર એ બંધાયેલી પાળમાં આપણા સર્વનું એક કાંકરી જેટલું પણ પ્રદાન હોય તો તેની સાર્થકતા-આપણા માટેય.

યોગેશ્વર પરિવારના સભ્યો ખૂબ ઉદાર છે. પૂ. શ્રી ના કાર્યો પૂરા કરવા ખૂબ તત્પર રહે છે. જ્યારે જ્યારે જેનાથી બની તેટલી સર્વેએ યથાશકિત મદદ કરી જ છે. કોઈપણ વસ્તુ હોડમાં મૂકીને સેવા કરવાના દાખલા પણ અજાણ નથી. ત્યારે મારી આ પરિવારના ભાઈ બ્હેનો વડીલો અને બાળ-ભક્તોને એક નમ્ર પ્રાર્થના છેઃ-

સત્યપથમાં પૂ-માશ્રીના એપ્રિલ માસના નિવાસ દરમ્યાન ભાઇશ્રી અતુલ કોન્ટ્રાકટરની મુલાકાત થઇ. સત્યપથ કલ્યાણ

કેન્દ્ર વિષે થોડી ચર્ચા પણ થઇ. મારાથી સ્હેજે પૂછાઈ ગયું, "આપણા કેટલા મેમ્બરો? ત્યારે તેણે જણાવ્યું કે '૫૫' એ સાંભળી મને સ્હેજ દુઃખ થયું મેં અતુલને કહ્યું આ હિમાલય નિવાસી જ નહીં પરંતુ હિમાલય જેવું વ્યકિતત્વ ધરાવનાર અને જીવન જીવનાર આ ગુરુદેવશ્રીને ચરણે પ્રતિજ્ઞા કરીએ કે ગુરુપૂર્ણિમાં પહેલાં ઓછામાં ઓછા "૨૫૧ સભ્યો સત્યપથ કલ્યાણ કેન્દ્રને આપશું જ."

હું બધાંને નમ્ર વિનંતી કરું છું કે દરેક માણસ યથા-શકિત–રૂા. ૫ થી ૧૦, ૧૫, ૨૦, ૨૫ માંડી રૂ. ૩૦ ના મેમ્બર બને. એમાં ભાવના એવી છે કે દર માસે નિયમિત રીતે દરેક જણ કંઇક આપે. પ. પૂ. શ્રી. રામકૃષ્ણદેવ તેમજ આપણાં શાસ્ત્રોની આજ્ઞા છે કે દેવ કે ગુરુની પાસે ખાલી હાથે ન જવું. આપણે જ્યારે આપણા દેવસ્થાનમાં જઇએ ત્યારે કંઇક લઈને જઈએ. આપણો યથાશકિત ભરેલો હાથ કેટલા મોટા વટવૃક્ષનું સર્જન કરે છે તે પછી જણાશે. તેમાં કોઇએ ઓછી રકમના સભ્ય બનવા માટે નાનપ કે સંકોચ અનુભવવાની જરૂર નથી અને વધારે આપનારે પોતાની મોટાઈ કે મહત્તમતા અનુભવવાની નથી. કદાચ માસિક આપવાનું ન બને તો પોતાના જ ઘરમાં સંચય પાત્ર રાખી તેમાં સંચય કરી રાખે. માત્ર સંચાલકને તેની જાણ કરે. આવા સભ્યોને સંકોચ ન લાગે તે માટે કોની કેટલા રૂા. ની મેમ્બરશીપ છે, તેની ગુપ્તતા રાખવા અમે બંધાયેલા છીએ. પણ સાથે એક વિનંતી પણ છે કે જે ભાઈ બ્હેનો આ પગથિયાં ચઢ્યાં છે તે ઉપર ચઢે, નીચે ઉતરવાનો વિચાર જ ન કરે.

બીજું સત્યપથ કલ્યાણ કેન્દ્રનું સંચાલન કદાચ યુવાન ભાઇઓ કરતા હશે, પણ તેની પ્રવૃત્તિઓ માત્ર યુવાનો



પૂરતી જ મર્યાદિત નથી. આ ઉપરાંત, કોઇએ એવી સમજ પણ કેળવવાની જરૂર નથી કે આપણે માત્ર પૈસાનો હાટ માંડીને બેઠા છીએ કે સભ્ય નહીં બનીએ તો સત્સંગ છોડી દેવો પડશે પણ આપણે યત્કિંચિત કંઈક નિયમિત આપશું તો આપનારને ભારે નહીં પડે અને કેન્દ્રની પ્રવૃત્તિઓનું અનેક ગણું વિસ્તરણ થતું રહેશે.

આપણે જીવનમાં રોજ ઉચ્ચારણ કરીએ છીએ કે પ્રભુનું છે અને પ્રભુને આપવાનું છે. હવે માત્ર આપણે તેનુ આચરણ કરવાનું છે. સદેહે કૃષ્ણલીલાનુ દર્શન કરનાર આપણા ભક્ત-કવિ શ્રી નરસિંહ મહેતાની પંક્તિને એરણ પર કસીએ તો ખરા, "કોઇનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ શીખે અર્થ વાળી.

આપણો એક યુવાન સાધક–જે પૂ. મા શ્રી અને પૂ. શ્રી ના પ્રત્યક્ષ પરિચયમાં પણ નથી, તેને મેં સંદેશ મોકલ્યો. ત્યારે તેણે બહુ સરસ વાત કરી. (તેને હાલ ૬૦૦ રૂા. પગાર મળે છે.) મને રોજ ૨૦ રૂા. મળે છે તેમાંથી મારે પ્રભુ માટે તો માત્ર ૧ રૂા. ફાળવવાનો છે, બાકીના રૂા. ૧૯ તો મને મારે માટે મળે જ છે. જેને ૫૦ રૂા. મળે તેને તો પોતાની જાત માટે ૪૯ મળે અને પ્રભુ માટે માત્ર એક રૂપિયો જ, આપવાનો. કેવી ઉદાત્ત ભાવના! પ્રભુ આપણા સહુમાં એવી ભાવના પ્રગટાવે અને આપણા પ્યારા પ્રભુના કાર્યમાં ઉદાર બની હાથ લંબાવીએ.

*

# જીવતરની જીજીવિષા

અરવિંદકુમાર પી. રાણા

આજના માનવીની સરેરાશ આયુ મર્યાદા કેટલી ? ભલે સરકારી ચોપડાઓ ને આંકડાઓ સીતેર–એંશી કે નેવું વર્ષ બતાવે, બાકી સાંઇઠ વર્ષની આસપાસ પહોંચેલો માનવી યમદેવની રાહ જ જોતો હોય એવું નથી લાગતું ? ભલે કદાચ સરેરાશ આયુમર્યાદા એંશી નેવું કે એથી પણ વધુ હોય તો પણ આટલા વર્ષનું મૂલ્ય શું ? આવડી મોટી દુનિયા ! વિશાળ ધરતી ! સુખ વૈભવની છોળો ! મોજમજા ભરી જીંદગી ! એમાં સાઠ સીતેર કે એંશી વર્ષ કઇ વિસાતમાં ? માનવી બીચારો સમજતા શીખે, રળી કમાઇને કાંઇ પ્રાપ્ત કરે, સુખ ભોગનો સમય આવે ન આવે ત્યાંતો વિદાયની ઘડીઓ આવીને ઉભી રહે. અને આટલી અમસ્તી જીંદગી પણ કેટલી ચિંતાઓ, મુશ્કેલીઓ, દોડાદોડી, બીમારી, સુખદુઃખના પ્રસંગોથી ભરેલી કે જેમાં કેવળ નર્યા સુખ ને શાન્તિ ભર્યો સમય તો ખૂબ જ ઓછો. એવા પણ લાખો કરોડો હતભાગી લોકો હશે કે જેમણે જન્મથી મૃત્યુ વચ્ચેનાં આખા સમય દરમ્યાન સુખની એકાદ લકીરે નહીં માણી હોય. એવા પણ લાખો લોકો હશે જેમણે પોતાની સમસ્ત જીંદગી દરમ્યાન ક્યારેય પેટ ભરીને ખાધું નહીં હોય કે આખુ અંગ ઢંકાઈ રહે એટલા વસ્ત્રો પણ નહીં પહેર્યા હોય. મોટા શહેરોની ફુટપાથ ઉપર જન્મીને ફુટપાથ ઉપર જ મારનારા લોકોની સંખ્યા પણ નાની સુની નહીં જ હોય. આખી જીંદગી સુદ્ધી જેવડા પેટનો ખાડો પુરવા ભીખ માગી માગી આયખું પુરૂં કરનાર પણ ઓછા છે ? અરે



સવારે ઉઠતાની સાથે પોતાનું અને પોતાના કુટુંબીઓનું ભરણપોષણ કરવા દોડધામ, મજુરી, ધંધા, વ્યવસાય, સાચી ખોટી તરકીબો રચનાર મધ્યમ વર્ગનો કે નીચલા વર્ગનો માનવી પણ જ્યાં ત્યાંથી પૈસા મેળવી પોતાનું ગાડું ચલાવવાની હાયવોય સિવાય આ જીવનમાં શું કરતો જણાય છે ?

શું આ અમુલ્ય જીંદગીનો અર્થ ફક્ત એટલો જ છે ? અનેક અવતારો પછી, અનેક યોનિઓમાં અટવાયા પછી કુદરતની અપાર કૃપા વરસે છે ત્યારે જીવ મનુષ્ય આત્મા પ્રાપ્ત કરે છે. પશુ, પંખી, કીટક, જળચર, થળચર, ભુચર જેવી અનેક યોનિઓમાં સબડી સબડી અનેક યાતનાઓ ને અસહ્ય પીડાઓ વેઠ્યા બાદ પરમકૃપાળુ પિતા મનુષ્ય અવતાર આપે છે, એ અવતાર ધારણ કરી મનુષ્ય શું મેળવે છે ? પોતાની સાઠ સિત્તેર કે એંશી વર્ષની જીંદગી દરમ્યાન મનુષ્ય કયા કયા સુખ ભોગવે છે ? કયો વૈભવ પ્રાપ્ત કરે છે ? આ ધરતી ઉપર ત્રણ અબજથી પણ વધુ વસ્તી છે, તેમાં કેટલા માનવો સંપૂર્ણ સુખી હશે ? કેટલા માનવોનું જીવન આધી–વ્યાધી ને ઉપાધી કે દુઃખ ને મુશ્કેલી રહીત હશે ? કેટલા માણુસોને ખાવા પીવાની, પહેરવા ઓઢવાની કે રહેવાના મકાનની સુખ સાહ્યબી પ્રાપ્ત થઈ હશે ? આ જગતમાં લક્ષ્મીનંદનો કેટલા ? પૈસા માટે દોડધામ કરનારા કેટલા ? ભુખ અને ભીખ વચ્ચે અટવાઈ જીંદગી પુરી કરનારા કેટલા ? શાંત ચિત્તે વિચાર કરતા જણાશે કે આ ધરતી ઉપર જનમ લીધા પછી તમામ પ્રકારની સુખ સાહ્યબી ને સગવડતાઓ પ્રાપ્ત કરનારની સંખ્યા એક બે ટકા માંડ હશે.

તો આ અમુલ્ય જીંદગીનો ઉપયોગ શું ? જે જીવન દરમ્યાન ફક્ત ખાવા પીવા, પહેરવા, ઓઢવા ને પૈસા પ્રાપ્ત

કરવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ જ ન હોય તો એવા જીવનનો અર્થ શો ? ને કદાચ અથાગ પરીશ્રમ કરીને આ બધું પ્રાપ્ત કર્યું તો પણ એનો ઉપયોગ કેટલો સમય કરવાનો ? ફક્ત મૃત્યુ સુધી જ ને ? ને જે સુખ ફક્ત જીવીએ ત્યાં સુધી જ રહેતું હોય તો એવા સુખની પ્રાપ્તિ માટે આટલી હાયવોય શા માટે ? પૈસા મેળવવા માટે કેટલા ઉધામા કરવા પડે છે ? કેટલા છળકપટ, દાવ પેચ, સારા–નરસા માર્ગો અખત્યાર કરવા પડે છે ? ને આખરે મૃત્યુ-પછી એમાંનો એક પૈસો પણ પોતાના ઉપયોગનો નથી રહેતો. કેટલો પરીશ્રમ કરીને કે કેટલો ભોગ આપીને ઘર, મકાન કે બંગલો બને છે ? મૃત્યુ પછી એ મકાનનો પોતાને શો ઉપયોગ છે ? સમગ્ર જીવન દરમ્યાન મથી મથીને મેળવેલી કંઇ ચીજ મૃત્યુ પછી પણ ઉપયોગમાં આવે છે ? કોઇ ચીજ નહી. અરે પાળીપોષીને સુદૃઢ બનાવેલો સુંદર મજાનો દેહ ? જે શરીરનાં જતન કરવામાં કોઇ મણા રાખી ન હોય, જે ચહેરાને સુંદર દેખાડવા આકાશપાતાળ એક કર્યાં હોય, શરીરને મજબૂત ને નીરોગી બનાવવા લાખ ઉપાયો અજમાવ્યા હોય, બળવાન બનવા જાતભાતના ઔષધો ને ખોરાકો હોજરીમાં પધરાવ્યા હોય એ શરીરનું ભાવીશું ? મૃત્યુ પછી એનો નાશ કરી નખાય. શું એ શરીરનું એટલું જ મૂલ્ય ? જે શરીરના જતન માટે આખી જીંદગી વેડફી એ શરીરનાં એવા હાલ ? અરીસા સામે બેસી પોતાના રૂપનું, પોતાના સૌંદર્યનું, પોતાના દેહ સૌષ્ઠવનું ગૌરવ લેતો માનવી સ્મશાને કે કબ્રસ્તાને શબનાં અંતિમ સંસ્કાર જોઇ શું વિચારે છે ? રંગબેરંગી કપડાઓ વચ્ચે વિંટળાયેલો, કિંમતી આભુષણોથી સજ્જ, જાતભાતનાં શણગારોથી શણગારાયેલ સુંદર, નમણો, બળવાન, માનવદેહ મૃત્યુ પછી નગ્નાવસ્થામાં



મોટા મોટા તોતીંગ લાકડાઓ વચ્ચે ભડભડ બળી રહ્યો દેખાય છે ત્યારે આ જીવતરનું મૂલ્ય સમજાય છે.

સાઠ-સિત્તેર કે એંશી વર્ષના માનવ જીવનમાં કેટલી જીજીવિષાઓ છે ? માનવી માત્ર સમજે છે કે આ બધું થોડા સમય માટે જ છે, મૃત્યુ પછી કાંઇ નથી, છતાં એ કેટલી દોડધામ કરી મૂકે છે ? કેટલાં ધમપછાડા કરે છે ? કેટલા છળકપટ દાવ પેચ ખેલી નાખે છે ? ને છતાં એનો અંજામ ? શૂન્ય. મૃત્યુ પછી તો અગોચર એકાંતમાં અટવાઈ જવાનું. જ્યાં કોઈ સ્નેહી નહી, જ્યાં કોઇ સગો સંબંધી મિત્ર કે શત્રુ નહી. જ્યાં સુખ ને વૈભવ, દુઃખ ને મુશ્કેલીઓમાં કરેલા કર્મનાં ફળ સ્વરૂપ આગળની ગતીને ફક્ત ઇશ્વરનું શરણ.

કર્મફળના સિદ્ધાંત ઉપર રચાયેલા આ જગતમાં કર્મ-ફળથી કોઇ જ બકાત નથી. ખુદ ઈશ્વર પણ નહીં. એને પણ મર્યાદા છે, અને મર્યાદાઓનું ઉલ્લંઘન ખુદ ઈશ્વરે પણ ક્યારેય કર્યું નથી કે કોઇને કરવા દીધું નથી. અને છતાં માનવ ? એ બીચારો સુખમાં ઈશ્વરને યાદ કરતો નથી. જાણે કે સુખમાં ઈશ્વરને વિસરીજવાની અને દુઃખમાં સર્વ દોષ એના ઉપર ઢોળવાની એક ફેશન થઈ પડી છે. સુખ-દુઃખ પોતાના જ કર્મફળનો પરીપાક છે એ માનવા કે સ્વીકારવા જાણે કોઇ તૈયાર જ નથી.

માનવ જીવન દોહ્યલું છે, એ પ્રાપ્ત કરવું પણ મુશ્કેલ છે અને પ્રાપ્ત કર્યાં પછી એને સારી રીતે પૂરું કરવું તો અતિ-મુશ્કેલ છે. અનેક સમસ્યાઓ, મુશ્કેલીઓ દુઃખોમાંથી પણ તટસ્થ ને નિરપેક્ષ ભાવે પસાર થવું કે અનેક સુખ સાહ્યબી ને ભોગવિલાસ વચ્ચેથી નિસ્પૃહી ને નિઃસ્વાર્થ પણે પસાર

થવું હોઇલું છે. એવી વ્યક્તિ વિરલ જ હોય છે. જીવનને જીજીવિષાઓથી દૂર રાખવાનાં પ્રયત્નો પણ માનવીને અકિંચન ને સહૃદયી બનાવી આ મિથ્યા જગતની અનેક જંજાળોથી મુક્ત માનવી બનવા પ્રેરણા આપશે એ હકીકત છે. મનુષ્યજીવનને સાર્થક ને ઉપયોગી બનાવવા ફક્ત સુખ ને ઉપભોગ જ અગત્યના નથી, એનાથી પર રહી ને જીવનનો અર્થ સાર્થક કરે છે, જે મહાશક્તિએ મનુષ્ય અવતાર બક્ષ્યો છે એ મહાશક્તિ કાંતો અવતારમાંથી જ મુક્તિ આપે ને આપે તો કલ્યાણમયી ને પુણ્યાત્મા ભર્યો અવતાર આપે એવી પ્રેરણાદાયી, શ્રદ્ધાભરી શાંત જિંદગી સૌ જીવે એવી પરમ પિતાને પ્રાર્થના.

---

સૂતીવેળા નિત્ય માનસજપાંતે પરમેશ્વરની પ્રાર્થના કરો કે, “હે ભક્તવત્સલ! હે દીનબંધો! કૃપાસિંધો! તું મને મારા અવગુણો જે હું જોઇ શકતો ન હોઉં તે બતાવ, અને તારા પવિત્ર ચરણારવિંદવિના મને જે જે નાશવંત પદાર્થોમાં પ્રીતિ રહેતી હોય તેનો મારા હૃદયમાંથી નાશ કર, તથા તારા માર્ગનું મને નિર્વિઘ્નરીતે જ્ઞાન આપ.”

શ્રીનાથવચનામૃત



# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

## અમરનાથ અને પુનઃ દક્ષિણેશ્વરની યાત્રા

દેવપ્રયાગ છોડ્યા પછી બે દિવસ ઋષિકેશમાં ને ચારેક દિવસ હરિદ્વારમાં રોકાઇને અમે દિલ્હી પહોંચ્યાં. દિલ્હીમાં અમારે મુંબઇથી આવનારા ધનેશ્વરભાઇની રાહ જોવાની હતી. તે કાશ્મિર સાથે આવવાના હતા. કાશ્મિર જવા માટે પહેલાં તો પાસપોર્ટ જોઇએ. ધનેશ્વરભાઈ મુંબઇથી ખૂબ જલદી રવાના થઇ ગયા હતા, કેમકે શ્રાવણ મહિનાની પૂર્ણિમા પાસે હતી, ને વધારે વિલંબ થાય તો તે અવસર પર અમે અમરનાથ પહોંચી શકીએ નહીં. તેમના એક મિત્ર દિલ્હીમાં રહેતા હતા. તેમણે કહ્યું કે પાસપોર્ટ મળવાનું કામ મુશ્કેલ છે. છતાં અમે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને પ્રયાસ કર્યા. સંરક્ષણ-ખાતાની કચેરીમાંથી એકાદ કલાકમાં જ પાસપોર્ટ લઇને ધનેશ્વરભાઈ પાછા ફર્યા. ઈશ્વરની ઇચ્છા એવી જ હોય કે અમારે પૂનમ પર અમરનાથ પહોંચવું જ તો તેણે પાસપોર્ટ-ની વ્યવસ્થા કરવી જ પડે. ગમે તેવી મુશ્કેલી હોય તો પણ તે માર્ગ કરી શકે છે. તેની ઇચ્છા શું નથી કરી શકતી?

પાસપોર્ટ મળ્યો એટલે અમે અમૃતસર–જમ્મુ થઈ વિમાનમાર્ગે શ્રીનગર પહોંચી ગયાં. જીવનમાં મારી અને માતાજીની એ સૌથી પહેલી વિમાનની મુસાફરી હતી. દિલ્હી-થી આશરે સાડાચાર કલાકમાં શ્રીનગર અમે પહોંચ્યા હતાં.

શ્રીનગર એટલું બધું સુંદર ના લાગ્યું. સૌંદર્યની દૃષ્ટિએ નવીન અને અસરકારક એવું કાંઇ શ્રીનગરમાં આવતાંવેંત ના જણાયું. પણ અમારે તો અમરનાથ જવું હતું. એટલે બપોર-

ની મોટરમાં અમે પહેલગામ જવા ઉપડ્યા. શ્રીનગરથી પહેલગામ ૫૯ માઇલ જેટલું દૂર છે. ૭૨૦૦ ફૂટની ઉંચાઇએ આવેલા એ શાંત સ્થળમાં રાતે ઠંડીનો અનુભવ પણ ઠીક ઠીક થાય છે. ત્યાં અમે રોકાયાં ને ઉચિત વ્યવસ્થા કરીને બીજે દિવસે સવારે પંદરમી ઓગસ્ટે, એટલે કે શ્રાવણ સુદી તેરસને બુધવારે ઘોડા પર બેસીને અમરનાથ જવા ઉપડયાં હતાં. પર્વતોનો આનંદ લૂંટતાં બપોરે અમે ચંદનવાડી આવ્યાં. ત્યાં સુધીનો માર્ગ સુંદર છે. ચંદનવાડીથી ચઢાઇ શરૂ થાય છે. તેને પાર કરીને સાંજે સાતેક વાગ્યે અમે શેષનાગ પહોંચ્યાં. પહેલગામથી શેષનાગ સોળેક માઇલ છે.

શેષનાગ ચારેબાજુ હિમાચ્છાદિત પર્વતથી ઢંકાયલી જગા છે. ઠંડી ખૂબ પડે છે. જમીન પર પાણીના સ્રોત વધારે હોવાથી ઠંડી વિશેષ લાગે છે. ઈશ્વરની કૃપાથી વરસાદ ન હતો. ત્યાં યાત્રીઓ સારા પ્રમાણમાં દેખાયા. ઠેર ઠેર તંબુઓ જોવા મળતા હતા. એ માર્ગમાં મકાન કે ધર્મશાળાની વ્યવસ્થા ન હોવાથી યાત્રીઓને તંબુમાં રહેવું પડે છે. તંબુની વ્યવસ્થા પહેલગામથી થઇ શકે છે. સવારી ઉપરાંત એક સામાનનો ઘોડો પણ કરવો પડે છે. એ બધા સરંજામ સાથેની મુસાફરી અજબ હતી. વળી તંબુમાં રાત્રિ નિવાસ કરવાનો પ્રસંગ મારા જીવનમાં પહેલો જ હતો. એ દિવસે પંદરમી ઓગસ્ટ હતી એટલે ત્રીસમુ વર્ષ પુરું થઇ એકત્રીસના આરંભના એ દિવસે થઈ રહેલી અમરનાથની યાત્રા અણુધારી ને અવનવી હતી.

સવારે ઊઠીને અમે શેષનાગથી આગળ ચાલ્યાં. હવે અમે ૧૩,૬૦૦ ફુટની ઉંચાઇએ આગળ વધી રહ્યાં હતાં. ચારે બાજુ બરફ જ બરફ દેખાઇ રહ્યો હતો. એક સન્નારી ઠંડીથી



બેહોશ થઇને પર્વત પર ઢળી પડેલી. તેને ગરમી પહોંચાડીને ભાનમાં લાવવાના પ્રયાસ કેટલાક માણસો કરી રહ્યા હતા. એ વિકટ કષ્ટપ્રદ યાત્રામાં ઉઘાડે પગે ચાલનારા માણસો પણ ઘણા જણાતા હતા. શંકરનાં દર્શન માટેની તેમની શ્રદ્ધા અસાધારણ હતી.

આઠેક માઇલનો કપરો માર્ગ પાર કરીને અમે પંચતરણી પહોંચ્યાં. તંબુમાં સામાન મૂકીને અમે ભોજનનો પ્રબંધ કરવા માંડયો. બેચાર દૂકાનદારો તૈયાર પૂરી-શાક પૂરા પાડતા હતા. માતાજી ને ધનેશ્વરભાઇને ચા જોઇતી હતી પણ ચા સારી મળતી નહિ. દૂધનો પ્રબંધ પણ મુશ્કેલ હતો. ત્યાં તો પ્રભુએ કૃપા કરી. એક દૂધ વેચવાવાળો માણસ માટીની દોણી ભરીને દૂધ વેચવા સીધો અમારી પાસે જ આવ્યો. તેનું બધું દૂધ લઇ લીધું. ઇશ્વરે મોકલેલી એ મદદથી રાહત મળી ને આનંદ થયો. થોડોક નાસ્તો કરીને અમે તાપમાં આનંદથી બેઠાં. બીજે દિવસે અમરનાથ જવાનું હતું. એટલે તંબુમાં બેસીને મેં ભગવાન શંકરની સ્તુતિ 'શિવસંગીત' પરિપૂર્ણ કરી લીધી.

સવારે વહેલા ઉઠીને અમરનાથનાં દર્શને જવા અમે રવાના થયા. દર્શન કરીને પાછા વળી આવવાનું હતું કારણ કે ત્યાં રાત્રે રહેવાની વ્યવસ્થા ન હતી. બરફના ખૂબ જ વિકટ માર્ગને પસાર કરીને થોડી વારમાં અમે પુરાણ પ્રસિદ્ધ પુણ્યધામ અમરનાથમાં આવી પહોંચ્યાં. ત્યાં લગી વાતાવરણ સારું હતું પણ અમરનાથ પહોંચ્યા કે તરત જ થોડો થોડો વરસાદ શરૂ થયો હતો. સૌથી પહેલાં અમે ગુફામાં દર્શન માટે ગયાં હતાં. ગુફા ખૂબ મોટી ને ઉંચાઇ પર છે. ગુફાવાળો પર્વત બરફ વિનાનો છે, જ્યારે સામેનો પર્વત બરફથી

ઢંકાયલો છે. છતાં ગુફામાં એક ખૂણામાં બરફ જામી ગયો હતો ને બરફના બનેલા ઊંચા લિંગના દર્શન થતાં હતાં તે એક મોટી અજાયબી હતી. બીજી બાજુ થોડેક જ પાસે બીજી બરફની રચના હતી તે ગણેશના નામે ઓળખાતી હતી. ગુફામાં ચાર કબૂતરનાં પણ દર્શન થતાં હતાં. યાત્રીઓ એને શિવપાર્વતી કે અમર યોગીનાં સ્વરૂપ માને છે. એમનાં દર્શનથી ધન્યતા અનુભવે છે. ગુફામાં એક બાજુ બેસીને અમે મહિમ્ન સ્તોત્ર ને તાજા રચાયલા શિવસંગીતનો પાઠ કર્યો. ધનેશ્વરભાઇ તથા માતાજી ઠંડીથી ખૂબ જ શ્રમિત થયેલાં, છતાં તેમનામાં ઉત્સાહ ને હિમ્મત ખૂબ હતાં. સૌએ ભગવાન શંકરને પ્રેમથી યાદ કર્યા. છેવટે વરસાદમાં ભીંજાતા અમે પંચતરણી જવા પાછા ઊપડ્યા. એ દિવસે શ્રાવણ સુદી પુનમ એટલે તારીખ ૧૭ ઓગસ્ટ ૧૯૫૧ હતી. ભીંજાઇને પંચતરણી આવ્યા ને તંબુમાં આશ્રય લીધો. પછી વરસાદ આખો દિવસ ચાલુ જ રહ્યો હતો. સાંજે જમવાની વ્યવસ્થા કરવા બહાર નીકળ્યા. રસ્તામાં એક ઠેકાણે ભાત જોઇને મને ભાત ખાવાનું મન થયું હતું. અહીં તો ભાત કયાંથી મળે? ત્યાં જ માર્ગમાં એક ભાઇ મળ્યા. તેમણે મને પૂછ્યું 'ભાત ખાશો.' તે અમને લઇ ગયા. ધનેશ્વરભાઇ માતાજીને પણ બોલાવી લાવ્યા હતાં. પેલા ભાઇએ અમને આસન પર બેસાડીને સ્વચ્છ વાસણોમાં ભાત ને ગરમ શાક પીરસ્યા. ઈશ્વરની કૃપા માનીને અમે ભોજન કર્યું હતું.

સવારે વરસાદ બંધ પડ્યો. તડકો નીકળે તો ભીંજાયલો સામાન સુકાઈ જાય એવી ઇચ્છા હતી. પરંતુ અમે રોકાયલાં નહીં. રસ્તા તદ્દન ખરાબ થઇ ગયેલા. ધીરે ધીરે અમે શેષનાગ પહોંચ્યાં હતાં. ત્યાં તડકાનાં દર્શન થયેલાં. બપોરે બે



અઢી વાગ્યે અમે બીજા આઠ માઇલ ચાલીને ચંદનવાડી પહોંચ્યાં. ત્યાં ઠંડીની ભયંકરતા ઓછી થઇ. રાતે આરામ કરવાની જગ્યા પણ સારી મળી હતી. બીજે દિવસે ત્યાંથી પહેલગામ થઇ અમે શ્રીનગર આવી પહોંચ્યાં હતાં.

અમરનાથ અને કાશ્મિરની યાત્રા એકંદરે અત્યંત આનંદદાયક રહી. એ યાત્રા દરમ્યાન મારું ૩૦મું વર્ષ પૂરું થયું ને નવું વર્ષ નવા જ વાતાવરણમાં આરંભાયું હતું. એક દિવસ અમે દિલ્હી પણ આવી પહોંચ્યાં. એકાદ દિવસ રોકાયા હતાં. બીજે દિવસે ભાઈ ધનેશ્વર મુંબઇ ગયા ને અમે કલકત્તા પહોંચ્યાં.

તા. ૨૭ ઓગસ્ટે દક્ષિણેશ્વર ગયાં. પરમહંસદેવની સાધનાની સમૃદ્ધિ ને તેમનો સદુપદેશ આ સ્થળના કણકણમાં મળી ગયા હોય એવો ભાસ થયા વિના રહેતો નથી. મહાન પુરુષો તપે છે, સહે છે ને શાંતિની પ્રાપ્તિ કરે છે. એમાં કેટલી બધી શક્તિ હોય છે? તેમના તિરોધાન પછી પણ માણસો તેમની સ્મૃતિમાંથી જીવન મેળવે છે, ને તેમનાં વચન ને જીવનના આદર્શમાંથી પ્રેરણા પામીને આદર્શ માનવ બને છે. અહીં સેંકડો માણસો ટોળે મળે છે તેનું કારણ પણ એ જ છે. (ક્રમશઃ)

# રામકથા

—યોગેશ્વરજી

## સીતાની તૈયારી

એવી અનુજ્ઞા મારાથી કેવી રીતે આપી શકાય ? હું કેટલી થોડીજ છું કે તમને વનમાં જવાની સ્વીકૃતિ આપી શકું ? તમને વનમાં જવાનું કહેવા માટે મારી જીભ ઉપડી શકે જ કેવી રીતે ? એવું કહેતા પહેલા હું મરવાનું જ વધારે પસંદ કરું.'

તારી જીભ મને વનમાં જવાની અનુમતિ આપવા માટે ના ઉપડે એ હું સારી રીતે સમજી શકું છું. છતા પણ એવી અનુમતિની આશા રાખું છું. પિતાજીના વચનનું પાલન કરવા અને એના યશને અક્ષય અને ઉજ્જવળ રાખવા મે વનમાં જવાનો નિર્ણય કર્યો છે. મારા એ નિર્ણયમાં કોઇપણ કારણે કશોજ ફેર નથી પડવાનો.

સીતા થોડીક વાર શાંત રહીને બોલી : 'તમારો નિર્ણય જો વનમાં જવાનો જ હોય તો તમે શું એમ માનો છો કે મારાથી તમારા વિનાની અયોધ્યામાં રહી શકાશે ? હું પણ તમારી સાથે વનમાં આવવા તૈયાર થઇશ.'

'વનમાં આવવા ?' રામે આશ્ચર્યોદ્ગાર કાઢયા : 'તારે વળી વનમાં શા માટે આવવું પડે ? તને કયાં કોઇએ વનવાસ આપ્યો છે ? વનવાસ તો મને આપવામાં આવ્યો છે.'

'એ બરાબર છે. પરંતુ હું તમારી અર્ધાંગિની છું. એટલે તમારા સુખદુઃખમાં ભાગ પડાવવાની અથવા સમાન હિસ્સો રાખવાની અધિકારીણી છું. તમારા વિના મારાથી જીવી શકાય જ



કેવી રીતે ? તમારું અનુકરણ કરવામાં હું મારો ધર્મ સમજું છું. છાયા જેવી રીતે તાપથી અલગ ના રહી શકે, ફૂલ વિના ફોરમ ના ટકી શકે, વર્ષા જેમ વાદળ વિના ના રહે, ચાંદનીનું અસ્તિત્વ ચંદ્રવિના ન હોય, અને આત્માના આશ્રય વિના જેમ કાયા ના ટકે તેમ તમારા વિના મારું અસિતત્વ પણ એકદમ અશક્ય છે. તમારાથી તમે ધારશો તો પણ મારાથી અલગ થઇ શકાય તેમ નથી. આદર્શ પત્ની હંમેશા પોતાના પતિ પાસે જ રહે છે. ને જીવતા તથા મરતાં પણ એમનો સાથ કરે છે. માટે હું તમને વનમાં એકલા તો નહિજ જવા દઉં, તમે જશો તો હું પણ તમારો સાથ કરીશ.'

'પરંતુ સીતા, તું વિચાર તો કર કે વનનો વાસ તો કેટલો બધો કષ્ટપ્રદ હોય છે ? વનમાં પાર વિનાની પ્રતિકૂળતાઓ વચ્ચે શ્વાસ લેવો પડે છે. હિંસક પશુઓ તથા ભયંકર રાક્ષસોથી એનો પ્રદેશ ભરેલો હોય છે. ત્યાં કોઇ જાતનો આરામ નથી હોતો. તું જન્મથી માંડીને આજ સુધી સુખ તથા સાહ્યબીમાં રહી છે. એટલે વનવાસના કષ્ટોની તને કલ્પના પણ ન આવે.

'છતાં પણ એ કષ્ટો, હિંસક પશુઓ, રાક્ષસો અને પાર વિનાની પ્રતિકૂળતાઓની વચ્ચે પણ તમે હશો એટલે હું હંમેશા નિર્મળતાનો અનુભવ કરીશ અને સુખથી રહીશ. તમારા સહવાસનું સ્વર્ગીય સુખ પામીને મારો આત્મા સદા આનંદના આર્ણવમાં અવગાહન કર્યા કરશે. તમારી સંનિધિમાં મને પરમ શાંતિ મળશે. એથી વધારે સૌભાગ્ય બીજુ કયું હોઇ શકે ? જન્મથી માંડીને અત્યાર સુધીનું મારું જીવન સુખ સાહ્યબીને સંપત્તિની વચ્ચે પસાર થયું છે. એ સાચું છે, પરંતુ એનો અર્થ એવો નથી કે દુઃખ મને ડરાવી કે ડગાવી શકશે અને અવસર આવ્યે મારાથી દુઃખ કે કષ્ટને નહી સહી શકાય. તમારી સાથે

રહીને અગ્નિ પરથી ચાલવાનું હશે તો પણ મને ફૂલ પરથી ચાલવા બરાબર સંતોષ રહેશે. માટે તમે આનાકાની કરશો કે ના કરશો તો પણ હું તમારી સાથે આવીશ જ. મારો એ નિરધાર તમારા નિરધારની જેમ જ અફર છે.

રામ જરાપણ ચલાયમાન થયા વગર બોલ્યા : 'પરંતુ જનકનંદિની, તું જરા વિચારતો કર કે તારાથી અલગ થઇશ ને વનમાં જઈશ તો પણ મારા તારા પ્રત્યેના પ્રેમમાં જરાપણ ફેર પડવાનો નથી.'

'એ તો હું પણ જાણું છું, અને એ જાતની શંકા કદી પણ નથી થઇ અને નથી થવાની. આપણો અનુરાગ તો અક્ષય અને અમર છે એને દેશ અને કાળની અસર નથી થવાની એ જેમ સાચું છે તેમ એ પણ એટલું જ સાચું છે કે તમારો કોઇયે કારણે પેદા થયેલો ને વેઠવો પડનારો વિયોગ મારે માટે મરણ તોલ થઇ પડવાનો. એ અવસ્થામાં મારા જીવનની આશા ભાગ્યે જ રહેવાની.'

એવું કહેતા તો સીતા રડી પડી. મોતી જેવા અશ્રુબિંદુ એના ગાલપર ટપકીને નીચે પડવા લાગ્યા. જાણે કે કમનીય કમળ દળ પર પડનારા ઝાકળબિંદુ ! રામનું કાળજું એ જોઇને કરુણ બની ગયું. એ બોલી ઉઠયાઃ 'મને ખબર જ હતી કે તું આખરે આવી રીતે રડવાનું શરૂ કરીશ.' (ક્રમશઃ)

*

પુરાણપુરુષ જે પરમાત્મા તેમના ઉપર અત્યંત સ્નેહ રાખી શુદ્ધ મને ગદ્ગદકંઠે તેમની નિરંતર પ્રાર્થના કરતા રહો, કે જેથી તેઓ સર્વ દોષોનો નાશ કરી યથાર્થ માર્ગ બતાવે.

—શ્રીનાથવચનામૃત

## * વિશ્રામગૃહને સહાય *

યાત્રાધામ અંબાજી ખાતેના પ. પૂ. માતાજી જ્યોતિર્મયીથી વિશ્રામગૃહ માટે સાધકો અને ભાવિક ભક્તો તરફથી સહાય મળતી રહે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે.

રૂા.

૫૩૧ મોરબીના એક સાધક તરફથી.
૫૦૧ શ્રી સુખલાલભાઇ પૂજારા, મોરબી.
૫૦૧ શ્રી હરિભાઈ ભોજાણી, મોરબી.
૫૦૧ શ્રી ગોરધનભાઇ કલોલા, મોરબી.
૫૦૧ શ્રી મોહનભાઈ ચોહાણ, મોરબી.
૫૦૧ શ્રી પ્રભુભાઈ હળવદિયા, મોરબી.
૪૩૦ શ્રી નરેન્દ્રકુમાર વી. મિસ્ત્રી, કેનેડા.
૧૦૧ શ્રી મહેશભાઇ શુકલ, ભાવનગર.
૪૨૧–૨૩ શ્રી હિતેન્દ્ર ડી. ભકત તથા શ્રી ઉત્તમભાઇ ભક્ત, અમેરિકા તરફથી.

## * અધ્યાત્મને ભેટ *

સાધકો અને વાંચકો અધ્યાત્મને પોતાના જીવનના સામાજીક કે અન્ય પ્રસંગોએ યાદ રાખી, સદ્ભાવ ભરી ભેટ મોકલતા રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ-

૨૧–૦૦ શ્રી કૃષ્ણકાંત ચુનીલાલ શાહ, મકાનના વાસ્તા નિમિત્તે.
૧૧–૨૫ શ્રી વીણાબેન, સુરત.
૩૦–૦૦ શ્રી મૂળરાજસિંહ રાણા તરફથી ચિ. મુકેશકુમાર એમ. રાણાની સ્મૃતિરૂપે.
૩૧–૦૦ શ્રી મીરાબેન પ્રતાપરાય ત્રિવેદી, ભાવનગર.

# * ઇશાવાસ્ય દૃષ્ટિ *

ત્યાગભાવથી ભોગવવાનો અર્થ મમતા અને આસક્તિને પરિત્યાગીને, વસ્તુને ઈશ્વરનો પ્રસાદ માનીને ભોગવવાનો છે. જગત્‌માં અને જગત્‌ના રૂપમાં જે કાંઇ છે તે બધું જ ઈશ્વરનું છે અને ઈશ્વરની એ મિલ્કતને પોતાની માનીને એમાં મમત્વ કરવાનું બરાબર નથી. જે ઈશ્વરનું છે અને ઈશ્વરે આપેલું છે તે ધન તેમજ જીવન ઈશ્વરની સેવા, પ્રસન્નતા અને ઈશ્વરના જગતની સુખાકારી માટે વપરાય તેમાંજ તેની શોભા, સફળતા કે સાર્થકતા સમાયેલી છે. જગત્‌માં અને જગત્‌ના રૂપમાં જે કાંઇ જોવાય છે કે અનુભવાય છે, તે પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્મા તેમાં રહેલા છે. તે બધું પરમાત્માથી પરિપ્લાવિત, વ્યાપ્ત અથવા ઓતપ્રોત છે. એવી રીતેજ એનું અવલોકન કરવું જોઇએ. સૌની અંદર અને સર્વત્ર પરમાત્માનું દર્શન કરવામાં આવે તો ભેદભાવ, ભય, મોહ, રાગ-દ્વેષ અને મિથ્યાભિમાન મટી જાય. જીવન પ્રેમથી પુલકિત, પ્રસન્ન અને પવિત્ર થાય. જે સર્વત્ર પરમાત્મ-દર્શન કરે છે તે જગતના બહિરંગ દર્શનથી સંમોહિત થયા ને ભાન ભૂલ્યા વિના, વિવિધ નામરૂપાત્મક જગતમાં રહેલી અંતરંગ એકતાને અનુભવે છે. એનું જીવન શાંત અને સંવાદી બને છે. —યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧